“ દિવ્ય ભાસ્કરના ગુજરાત પ્રવેશનાં આજે 20 વર્ષ પૂર્ણ... આભાર ગુજરાત... ”

# દિવ્ય ભાસ્કર

ચંદનની સુગંધમાં આજનો
વર્ષગાંઠ વિશેષાંક

**સાચી વાત** સત્ય એટલે ગાંધી. વટ, હિંમત અને બેધડક એટલે સરદાર પટેલ. ભાસ્કર એમનાં જ પદચિહ્નો પર આગળ વધી રહ્યું છે અને હંમેશા આગળ વધતું રહેશે. આજનું માસ્ટહેડ આ બંને મહાપુરુષોને સમર્પિત **બેધડક**



# 20 સાલ બેમિસાલ

divyabhaskar.com કુલ પાનાં 40 અમદાવાદ, ગુરુવાર, 22 જૂન, 2023 ગુજરાત અષાઢ સુદ - 4, વિક્રમ સંવત 2079 કિંમત ₹ 5.00, વર્ષ 21, અંક 31, મહાનગર 12 રાજ્ય | 61 સંસ્કરણ

દિવ્ય ભાસ્કર 20 —સાલ— બેમિસાલ
વાચક ઉત્સવ
સાચી વાત. બેધડક

QR કોડ સ્કૅન કરીને
ડાઉનલોડ કરો વિશેષ અંક

20 સાલ બેમિસાલનો આ વિશેષાંક મોબાઇલ પર વાંચવા માટે આ કોડ સ્કૅન કરો

## આજના અંકમાં




### 6 પાનાંનો ગર્વ અંક


1 દેશમાં પ્રથમ વખત AI અને ચેટ જીપીટીએ બનાવ્યો અમદાવાદનો માસ્ટર પ્લાન.

2 રિસર્ચ રિપોર્ટ કહે છે કે ગુજરાતની 87% મહિલાઓ મરજીની માલિક છે.

3 માત્ર કમાણીમાં જ નહીં, દાનમાં પણ ગુજરાતીઓ આગળ. 20 વર્ષમાં 15 હજાર કરોડનું દાન આપી ચૂક્યા છે.

4 રિપોર્ટ કહે છે કે દક્ષિણ ભારત પછી ગુજરાત ધાર્મિક શ્રદ્ધાળુની મહત્ત્વની પસંદગીનું રાજ્ય.

5 2700 અસામાન્ય સર્જરી થઈ ગુજરાતમાં, 70 % સર્જરી 7 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોની ...આ ચોંકવનારો રિપોર્ટ વાંચો.




9292919292
નંબર પર મિસ્ડ કોલ કરીને દિવ્ય ભાસ્કર અખબાર શરૂ કરાવી શકો છો.

## ...75 વર્ષમાં પહેલી વાર આવું

# પાવર ઑફ ગુજરાત

1 ▪ વડા પ્રધાન, ગૃહ, આરોગ્ય સહિત કેન્દ્રમાં 9 મંત્રી, 22% અધિકારીઓ ગુજરાતના

2 ▪ કેગ, ટ્રાઈ, યુપીએસસીના ચૅરમૅન, PMOમાં પણ ગુજરાતના અધિકારીઓ

3 ▪ સુપ્રીમ કોર્ટમાં પ્રથમ વાર 2 જસ્ટિસ ગુજરાતી, 3 રાજ્યના ગવર્નર ગુજરાતના

ભાસ્કર ન્યૂઝ નેટવર્ક | ગાંધીનગર

‘80ના દાયકામાં દિલ્હીના પાવર સેન્ટરમાં જે વર્ચસ્વ ઉત્તર પ્રદેશનું, 90ના દાયકામાં બિહારનું હતું એનાથી અનેકગણું વર્ચસ્વ આજે ગુજરાતનું છે. આઝાદી બાદ એટલે કે 75 વર્ષમાં પહેલી વાર સમગ્ર દેશે ગુજરાતનો આ પાવર જોયો છે. સીધા શબ્દોમાં કહેવામાં આવે તો આજે આખો દેશ ગુજરાત ચલાવે છે.’ પહેલી વાર કેન્દ્ર સરકારમાં વડા પ્રધાન, ગૃહમંત્રી, વિદેશ મંત્રી, આરોગ્યમંત્રી સહિત 9 મંત્રી ગુજરાતના છે. કૅગ, યુપીએસસી, ટ્રાઇ જેવી મહત્ત્વની સંસ્થાઓના વડા પદે પહેલી વાર ગુજરાત કેડરના અધિકારી નેતૃત્વ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં પ્રથમ વાર ગુજરાતના 3 જસ્ટિસ (એક હાલમાં નિવૃત્ત થયા) છે.

મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્યપાલ પણ ગુજરાતી છે. બિહાર-યુપીને પાછળ રાખીને પહેલી વાર દિલ્હીના પાવર સેન્ટરમાં 22 ટકા બ્યૂરોક્રેટ્સ ગુજરાત કેડરના છે. આઈબીના જોઈન્ટ ડાયરેક્ટર ગુજરાત કેડરના છે. રૉમાં પણ અધિકારી ગુજરાત કેડરના છે. સીબીઆઇ, એસપીજી, સીઆઇએસએફ, એનડીઆરએફના ટોચના પદે ગુજરાત કેડરના અધિકારી છે. એટલું જ નહીં, પદ્મ પુરસ્કાર મેળવનારાઓની સંખ્યા 9 વર્ષમાં લગભગ બમણી થઈ ગઈ છે. 2005થી 2013 વચ્ચે 20 ગુજરાતીને પદ્મ સન્માન મળ્યું હતું જ્યારે 2013 પછીનાં 9 વર્ષમાં 53 ગુજરાતીને આ સન્માન પ્રાપ્ત થયું છે. હાલમાં કેન્દ્રમાં ગુજરાતી પાવર લગભગ દરેક વિભાગમાં દેખાય છે.

## સત્તાથી સુપ્રીમ સુધી... ગુજરાતનો પ્રભાવ અને પ્રભુત્વ

### ઈન્દિરારાજમાં 7 મંત્રી ગુજરાતના હતા મોદીરાજમાં 8 મંત્રી છે ...આ રેકોર્ડ છે



નરેન્દ્ર મોદી વડા પ્રધાન
અમિત શાહ ગૃહ મંત્રી
એસ. જયશંકર વિદેશ મંત્રી (ગુજરાતમાંથી રાજ્યસભા MP)
મનસુખ માંડવિયા આરોગ્ય મંત્રી
5. પુરુષોત્તમ રૂપાલા
6. દર્શના જરદોશ, રેલ રાજ્યમંત્રી
7. દેવુસિંહ ચૌહાણ
8. મહેન્દ્ર મંજપુરા

### કોની સરકારમાં કેટલા ગુજરાતના મંત્રી હતા?

| વર્ષ | વડાપ્રધાન | ગુજરાતી મંત્રી |
|---|---|---|
| 1966 | ઈન્દિરા ગાંધી | 7 ગુજરાતી મંત્રી- મોરારજી દેસાઈ, કેકે શાહ, જયસુખ હાથી, મનુભાઈ શાહ, અશોક મહેતા, ચરણસિંહ, હિતેન્દ્ર દેસાઈ |
| 1990 | ચંદ્રશેખર | 3 ગુજરાતી - મનુભાઈ કોટડિયા, જયંતી શાહ, શાંતિલાલ પટેલ |
| 1977 | મોરારજી દેસાઈ | 1 ગુજરાતી મંત્રી - એચએમ પટેલ |
| 1964 | લાલબહાદુર શાસ્ત્રી | 2 ગુજરાતી મંત્રી - મનુભાઈ શાહ, જયસુખ હાથી |
| 1966 | ગુલઝારીલાલ નંદા* | 2 ગુજરાતી મંત્રી - મનુભાઈ શાહ, જયસુખ હાથી |
| 1984 | રાજીવ ગાંધી | 1 ગુજરાતી મંત્રી - માધવસિંહ સોલંકી |
| 1991 | નરસિંહ રાવ | 1 ગુજરાતી મંત્રી - માધવસિંહ સોલંકી |
| 1999 | અટલબિહારી વાજપેયી | 2 ગુજરાતી મંત્રી - કાશીરામ રાણા, એકે પટેલ |
| 2004 | મનમોહનસિંહ | 3 ગુજરાતી મંત્રી - શંકરસિંહ વાઘેલા, દિનશા પટેલ, ભરતસિંહ |

### 75 વર્ષમાં 18 સરકાર બની જેમાં આ વખતે ગુજરાત કેડરના સૌથી વધારે 90 બ્યુરોક્રેટ

વડાપ્રધાન કાર્યાલય, ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય સિવાય પણ સીબીઆઇ, આઇબી, રૉ, બીએસએફ વગેરે વિભાગોમાં ગુજરાત કેડરના 90થી વધારે અધિકારી છે, જેમાં 19 આઇએએસ છે. આ અગાઉ સૌથી વધારે મનમોહન સરકારમાં 9 અધિકારી કેન્દ્રમાં હતા.

- **જી સી મુર્મુ,** કેગ
- **પી ડી વાઘેલા,** ટ્રાઇના ચૅરમૅન
- **અતુલ કરવાલ,** DG, NDRF
- **જ્ઞાનેન્દ્ર મલિક,** ADG, CISF
- **સચિન બાદશાહ, DIG,** CISF
- **મનોજ શશીધર,** CBI
- **રાજીવ રંજન,** IG, SPG
- **વિપુલ અગ્રવાલ,** નેશનલ હેલ્થ ઑથોરિટી
- **દીપાંકર ત્રિવેદી,** સંયુક્ત નિયામક, IB
- **ગગનદીપ ગંભીર,** DIG, CBI
- **હિમાંશુ શુક્લા,** રૉ
- **દિવ્ય મિશ્રા,** IB
- **પીકે મિશ્રા,** વડાપ્રધાનના અગ્ર સચિવ
- **હિરેન જોશી,** પીએમઓ, ઓએસડી
- **સંજય ભાવસાર,** પીએમઓ, ઓએસડી
- **પ્રતક દોશી,** પીએમઓ, ઓએસડી
- **ચિરાગ પંચાલ,** પીએમઓ, ઉપ સચિવ


#### અગાઉ મનમોહન સરકારમાં સૌથી વધુ 9 IAS અધિકારી હતા

અશોક ચાવલા, અમરજિતસિંહ, ગૌરીકુમાર, અસીમ ખુરાના, રાજીવ ટકરૂ, રાજીવ ટોપનો, વિજયા લક્ષ્મી જોશી, રીટા તેવટિયા, પ્રદીપ કુમાર પૂજારી

### સુપ્રીમમાં 2 જસ્ટિસ, 3 રાજ્યમાં ગવર્નર



**આનંદીબેન પટેલ,** રાજ્યપાલ, ઉત્તર પ્રદેશ
**મંગુભાઈ પટેલ,** રાજ્યપાલ, મધ્ય પ્રદેશ
**પ્રફુલ્લ પટેલ,** ઉપરાજ્યપાલ, દીવ-દમણ-DNH



**જસ્ટિસ બેલાબેન એમ. ત્રિવેદી**
**જસ્ટિસ જે. બી. પારડીવાલા**
**જસ્ટિસ એમ આર શાહ** (બે મહિનામાં નિવૃત્ત થયા)

### 18 વર્ષમાં 78 ગુજરાતીને પદ્મ પુરસ્કાર મળ્યા જેમાં ગત 9 વર્ષમાં 54ને પુરસ્કાર

▪ 2014થી 2023નાં 9 વર્ષ દરમિયાન ગુજરાતના 53 લોકોને પદ્મ પુરસ્કાર આપવામાં આવ્યા જેમાંથી 2 પદ્મવિભૂષણ, 4 પદ્મભૂષણ અને 47ને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યા છે. જેની સરખામણીએ 2005થી 2013નાં 9 વર્ષના સમયગાળા દરમિયાન 20 લોકોને પદ્મ પુરસ્કાર અપાયા હતા ▪ બાલકૃષ્ણ દોશી અને એલ. કે. અડવાણી (પદ્મવિભૂષણ), સ્વામી સચ્ચિદાનંદ અને કેશુભાઈ પટેલ (પદ્મભૂષણ), હેમંત ચૌહાણ, સવજીભાઈ ધોળકિયા, મહેશ-નરેશ કનોડિયા, બિમલ પટેલ, અબ્દુલ ગફાર ખત્રી, એસ. એસ. ઠાકોર, ભીખુદાન ગઢવી, સુધીર શાહ, ગુણવંત શાહ, તારક મહેતા, મથુર સવાણીને પદ્મશ્રી એવોર્ડ મળ્યા છે.

## આજના સમાચારોમાં ગુજરાતની વિશેષતા

**રાજ્યના 53% લોકો** 50 વર્ષથી ઓછી વયના કુલ વસ્તીમાં 2 કરોડ યુવાન

### 63 વર્ષના ગુજરાતમાં અડધોઅડધ વસ્તી યુવાનોની, રાજ્યમાં દર ત્રીજી વ્યક્તિ યુવાન

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ

વર્ષ 2022માં ગુજરાતની વસ્તી અંદાજે 7 કરોડનો આંકડો પાર કરી ગઈ હશે, એવો અંદાજ છે. કોરોનાને કારણે 2021માં થનારી વસતી ગણતરી હજુ સુધી શરૂ થઈ શકી નથી. 2021માં અંદાજિત વસ્તી 6.97 કરોડ થઈ હોવાનો અંદાજ નેશનલ કમિશન ઓફ પોપ્યુલેશનના રિપોર્ટમાં રજૂ કરાયો હતો, જે મુજબ રાજ્યની કુલ વસ્તીમાં અડધી સંખ્યા યુવાનોની છે. એટલે કે રાજ્યમાં દર ત્રીજી વ્યક્તિ યુવાન છે. હાલ 53 ટકા વસ્તી 50 વર્ષથી ઓછી વયના લોકોની છે, જેમાં 18થી 35 વર્ષની ઉંમરના અંદાજે 2 કરોડ યુવાનો હશે.

**વયજૂથ પ્રમાણે પુરુષ અને મહિલા**

| વય જૂથ | કુલ | પુરુષ | મહિલા |
|---|---|---|---|
| 20-24 | 62.99 | 33.65 | 29.34 |
| 25-29 | 61.63 | 32.93 | 28.7 |
| 30-34 | 57.77 | 30.81 | 26.97 |
| 35-39 | 53.09 | 27.96 | 25.13 |
| 40-44 | 47.61 | 24.78 | 22.84 |
| 45-49 | 42.48 | 21.95 | 20.53 |
| 50-59 | 67.00 | - | - |
| 60-79 | 63.00 | - | - |

**ગુજરાતમાં** વર્લ્ડ રેકોર્ડ સર્જાયો

### સુરતમાં એકસાથે 1.53 લાખ લોકોએ યોગ કરી વિક્રમ રચ્યો




**સુરત :** આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સુરતમાં બુધવારે એક જ સ્થળે 1.53 લાખ લોકોએ યોગાસન કરીને વર્લ્ડ રેકોર્ડ રચ્યો હતો. અગાઉનો રેકોર્ડ 2018માં કોટામાં રચાયો હતો ત્યારે 1,00,984 લોકોએ એકસાથે યોગ કર્યા હતા. (વિસ્તૃત અંદરના પાને)

## વાચકની કવિતા



### ‘બેધડક લેખો, આતમ જગાવ્યું, મારું દિવ્ય ભાસ્કર’

પરોઢ પહેલાં પહોંચી જાતું મારું દિવ્ય ભાસ્કર
અલકમલકની લઈને વાતો મારું દિવ્ય ભાસ્કર
રસથાળ જાણે ‘ગુજરાતી’ને મસ્ત મજાનું પીરસે
નીત નવું અહીં જ્ઞાનનું ભાથું મારું દિવ્ય ભાસ્કર
અઢળક પાનાં રંગે ભરેલાં સમાચારો ચમકાવે
નિષ્પક્ષ, નીડર ઊંડાણ ભરેલું મારું દિવ્ય ભાસ્કર
રસરંગ લઈને કળશ છલકે ને નવરંગ છે મધુરિમા
જીવનશૈલી ધર્મદર્શનમાં ને મારું દિવ્ય ભાસ્કર
વીસમા વર્ષે વધામણી વ્હાલથી, મારાપણું જગાડ્યું
બેધડક લેખો, આતમ જગાવ્યું, મારું દિવ્ય ભાસ્કર

▪ દિવ્ય ભાસ્કરના વાચક નેહલ વાઘેલાની કવિતા

દિવ્ય ભાસ્કર 20 સાલ બેમિસાલ વાચક ઉત્સવ
સાચી વાત, બેધડક


દિવ્ય ભાસ્કર વિશેષ સંગ્રહણીય અંક

# ગુજરાત પર ગર્વ કરીએ

અમદાવાદ, ગુરુવાર, 22 જૂન, 2023 | અષાઢ સુદ - 4, વિક્રમ સંવત 2079




એસજી હાઇવેની 20 વર્ષ પછીની આ તસવીર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સે બનાવી છે.




## દેશમાં પહેલી વાર... AI અને ચેટ GPTએ તૈયાર કર્યો માસ્ટરપ્લાન

## 20 વર્ષ પછીનું અમદાવાદ કેવું હશે?

### એક્સપર્ટ્સે માસ્ટરપ્લાન 70% યોગ્ય ગણાવ્યો

# SG હાઈવે પર કોમર્શિયલ હબ, શેલા-ગોતામાં હાઈરાઈઝ, રિવરફ્રન્ટમાં કલ્ચરલ સેન્ટર, સિંધુ ભવન પર સ્માર્ટ સ્ટ્રીટ...

- ટ્રાફિકના ઉકેલ માટે દરેક મુખ્ય ચાર રસ્તે ઓવરબ્રિજ, 15 કિમીમાં મલ્ટિલેયર પાર્કિંગ
- શહેર 2700 સ્ક્વેર કિમીમાં વિસ્તરશે અને 810 સ્ક્વેર કિમી પબ્લિક ટ્રાન્સપોર્ટથી જોડાશે
- સીજી રોડ, SG હાઇવે, રિંગ રોડ, આશ્રમ રોડ, ડ્રાઇવ ઇનમાં સૌથી વધુ FSI મળશે

## ભાસ્કર એક્સક્લુઝિવ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

'દિવ્ય ભાસ્કર' દ્વારા ચેટજીપીટી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અત્યાર સુધીનો સૌથી મોટો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. 'દિવ્ય ભાસ્કર'એ 20 વર્ષ પછીના અમદાવાદનો માસ્ટર પ્લાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તૈયાર કર્યો છે. ટાઉન પ્લાનિંગના એક્સપર્ટ્સની મદદથી 'દિવ્ય ભાસ્કર'એ ચેટજીપીટીને 20 વર્ષ પછીના અમદાવાદના ટાઉન પ્લાનિંગ અંગે સવાલ કર્યા જેના ચેટજીપીટીએ ખૂબ જ રસપ્રદ જવાબ આપ્યા. 20 વર્ષ પછી અમદાવાદની વસ્તી અને વિસ્તારની સ્થિતિ વિશે જવાબ આપતાં ચેટજીપીટીએ જણાવ્યું હતું કે 2011ની વસ્તી ગણતરી મુજબ અમદાવાદની વસ્તી 65 લાખ હતી જેમાં દર વર્ષે એવરેજ 10-12 ટકાનો વધારો થઈ રહ્યો છે.

જો આ જ ટ્રેન્ડ ચાલુ રહ્યો તો 20 વર્ષ પછી અમદાવાદની વસ્તી અંદાજિત 1.5 કરોડથી વધુ હશે. ચેટજીપીટી મુજબ અમદાવાદ અને ગાંધીનગરનું ડેવલપમેન્ટ ટ્વિન સિટી મોડલ પર થશે. 20 વર્ષ બાદ અમદાવાદ 2771 સ્ક્વેર કિલોમીટરમાં વિસ્તરેલું હશે. 20 વર્ષ પછીના કોમર્શિયલ અને રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ અંગેના સવાલના જવાબમાં ચેટજીપીટીએ જણાવ્યું હતું કે સાઉથ બોપલ, ગોતા, ચાંદખેડા, શેલા અને ન્યુ રાણીપમાં રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ અને એસજી હાઈવે, આશ્રમ રોડ, પ્રહ્લાદનગર, વસ્ત્રાપુર અને બોડકદેવમાં મેક્સિમમ કોર્મિશયલ ડેવલપમેન્ટ જોવા મળશે. ચેટજીપીટીના જવાબને સેપ્ટ યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સે તૈયાર કરેલા 2041 અમદાવાદ મોડેલ સાથે સરખામણી કરતાં 70 ટકા જવાબ તેની સાથે મળતા આવ્યા. આ અંગે સેપ્ટ યુનિવર્સિટીના પ્રોફેસર જિજ્ઞેશ મહેતાએ જણાવ્યું હતું કે ચેટજીપીટીએ 60-70 ટકા સવાલના જવાબ સાચા આપ્યા પણ એનો મતલબ એવો નથી કે તે સિટીનો ટાઉન પ્લાન બનાવવા સક્ષમ છે. કારણ કે ટાઉન પ્લાનિંગ એ માત્ર ફ્યુચર ગ્રોથ અને કેલ્ક્યુલેશન પૂરતું સીમિત નથી.

## આ રીતે તૈયાર થયો માસ્ટર પ્લાન... ભાસ્કરના સવાલ, ચેટGPTના જવાબ અને જવાબોના આધારે AIના માસ્ટર પ્લાનને સેપ્ટ, ઔડા, ટાઉન પ્લાનિંગના એક્સપર્ટ્સે ચેક કર્યો

**સ્ટેપ : 1** વસ્તી, એરિયા, ગ્રીનકવર, રેસિડેન્શિયલ-કોર્મશિયલ ડેવલપમેન્ટ જેવાં 10 ફેક્ટર્સ આઈડેન્ટિફાય કરાયાં હતાં.

**સ્ટેપ : 2** સિટી ટાઉન પ્લાનિંગ એક્સપર્ટ્સના માર્ગદર્શન સાથે ચેટજીપીટીને પૂછવા માટે મહત્ત્વના સવાલ તૈયાર કરાયા.

**સ્ટેપ : 3** એક્સપર્ટ્સના સવાલ પરથી પ્રોમ્પ્ટ તૈયાર કરી ચેટજીપીટીને સવાલ પૂછ્યા-એઆઈ ઈમેજ તૈયાર થઈ.

**સ્ટેપ : 4** ચેટજીપીટીના જવાબ પરથી બનેલા પ્લાનને સેપ્ટના પ્રોફેસર-ઔડાના સત્તાધીશોને મોકલીની ચકાસણી કરાઈ.

**સ્ટેપ : 5** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનેલા અમદાવાદનો આ પ્લાન કેટલો સાચો તે અંગે ખરાઈ કરાઈ.

### વસ્ત્રાપુરથી આશ્રમ રોડ સુધી પહોળા રસ્તા સાથેની સ્માર્ટ સ્ટ્રીટ



- વસ્ત્રાપુર, પ્રહ્લાદનગર, બોડકદેવ, આશ્રમ રોડ, 132 ફૂટ રિંગ રોડ, થલતેજ સહિતના વિસ્તારમાં પહોળા રસ્તા, પૂરતી પાર્કિંગ વ્યવસ્થા, બેસવા માટેની વ્યવસ્થા સાથે સ્માર્ટ સ્ટ્રીટ હશે.

**દરેક અમદાવાદીને રહેવા માટે 173 સ્કેવર મીટર જગ્યા મળશે**

30% વિસ્તાર AMTS, BRTS અને મેટ્રો જેવા પબ્લિક ટ્રાન્સપોર્ટ નેટવર્ક સાથે કનેક્ટેડ હશે.



**સી. જી. રોડ, એસ. જી. હાઇવે, એસ. પી. રિંગ રોડ, આશ્રમ રોડ, નેહરુ બ્રિજ રોડ અને સેટેલાઇટ રોડ પર હાઇએસ્ટ FSI અંતર્ગત ડેવલપમેન્ટ થશે**



સાણંદ, નરોડા, વટવા, ચાંગોદર, સાંતેજ-ખાત્રજ અને ધોલેરામાં ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ જોવા મળશે.

### રિવરફ્રન્ટ કલ્ચરલ-એન્ટરટેઇનમેન્ટ હબ બનશે



- રિવર વ્યુના કારણે આ વિસ્તાર ડેવલપરની પહેલી પસંદ બનશે. આવનારા 20 વર્ષમાં રિવરફ્રન્ટ પર મોટા પ્રમાણમાં હાઈરાઈઝ રેસિડેન્શિયલ-કોર્મશિયલ ડેવલપમેન્ટ જોવા મળશે. સાબરમતી રિવરફ્રન્ટ સિટીનું કલ્ચરલ અને એન્ટરટેઈનમેન્ટ હબ બનશે, જ્યાં વર્ષભર ઈવેન્ટ્સ-એક્ઝિબિશન ચાલુ રહેશે.



**એક્સપર્ટ વ્યૂ**

▪જિજ્ઞેશ મહેતા, પ્રોફેસર, સેપ્ટ

### એઆઈ કેલ્ક્યુલેશન કરે, ઓવરવ્યૂ પણ આપી શકે

"AI કેલક્યુલેશન કરી શકે, ફ્યુચર પર્સપેક્ટિવ આપી શકે અને ડેટાના આધારે ઓવરવ્યુ પણ આપી શકે પણ ટાઈન પ્લાનિંગ માટે આ બધાની સાથે સૌથી મહત્ત્વની વાત જે જરૂરી છે એ છે, ઈમોશનલ ઈન્ટેલિજન્સ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પાસે હાલમાં ઈમોશનલ ઈન્ટેલિજન્સ નથી. તેનામાં લોકોની વર્તમાન અને ભવિષ્યની સમસ્યાઓ સમજવાની ક્ષમતા નથી. આ પ્લાનમાં AIએ 60-70 ટકા સીધેસીધા સવાલના સાચા જવાબ આપ્યા છે. AIથી ઓવરવ્યુ લઈને લોકોને મળી, પબ્લિક પાર્ટિસિપેશન અને સ્ટેકહોલ્ડર કન્સ્લ્ટેશનના આધારે પ્લાન બનાવી શકાય.

## અમદાવાદનો માસ્ટર પ્લાન

### ભાસ્કરના સવાલ, ચેટGPTના જવાબ

**1** ***2011ની વસ્તી ગણતરી મુજબ અમદાવાદની વસ્તી 66 લાખ છે. એક અંદાજ મુજબ એમાં દર વર્ષે 10-12 ટકાનો વધારો થાય છે તો 2041માં અમદાવાદની વસ્તી કેટલી હશે?***
ચેટ જીપીટી : જો અમદાવાદની વસ્તી 66 લાખ હોય અને દર વર્ષે 12 ટકાનો વધારો થતો હોય તો 2041માં અમદાવાદની વસ્તી એક્સ્પનેન્શિયલ ગ્રોથના કેલ્ક્યુલેશન મુજબ 1.6 કરોડ હશે.

**2** ***હાલ અમદાવાદ 1866 ચોકિમીમાં વિસ્તરેલું છે, આવનારાં 20 વર્ષમાં આ વિસ્તાર કેટલો વધશે?***
ચેટ જીપીટી : 20 વર્ષ પછીના કેલ્ક્યુલેશન માટે અર્બન ડેવલપમેન્ટ, પ્રોજેક્ટ્સ અને પોપ્યુલેશન ગ્રોથ જેવાં પરિબળો ધ્યાનમાં લેવાં પડે. 2 ટકા કન્ઝરવેટિવ એન્યુઅલ ગ્રોથ પણ ગણીએ તો 2043માં અમદાવાદ 2770 સ્કવેર કિમીમાં વિસ્તરેલું હશે.

**3** ***સીજી રોડ પર પહોળા રસ્તા, પૂરતી પાર્કિંગ વ્યવસ્થા, બેસવા માટેની વ્યવસ્થા, સ્ટ્રીટ વેન્ડર માટે જગ્યા જેવી અનેક વસ્તુઓ છે. તે એક પર્ફેક્ટ સ્માર્ટ સ્ટ્રીટ છે. અમદાવાદના કયા એરિયાનું ડેવલપમેન્ટ આ જ મોડેલ પર થશે?***
ચેટ જીપીટી : મોટા પાયે અર્બન ડેવલપમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર કામ ચાલે છે. વસ્ત્રાપુર, પ્રહ્લાદનગર, બોડકદેવ, આશ્રમ રોડ, 132 ફૂટ રિંગ રોડ, થલતેજ સહિતના મોટા ભાગના વિસ્તારમાં આ પ્રકારે ડેવલપમેન્ટ જોવા મળી શકે છે.

**4** ***હાલ પ્રત્યેક અમદાવાદીને 219 સ્ક્વેર મીટર જગ્યા મળે છે. 2041 સુધી વસ્તી 1.6 કરોડ પહોંચે તો 2041માં પ્રત્યેક અમદાવાદીને રહેવા માટે કેટલી જગ્યા મળે?***
ચેટ જીપીટી : ગણતરી મુજબ 2041માં અમદાવાદની અંદાજિત વસ્તી 1.6 કરોડને તેના અંદાજિત જિયોગ્રોફિકલ એરિયા 2770 સ્ક્વેર કિમીથી ડિવાઈડ કરવામાં આવે તો 2041માં પ્રત્યેક અમદાવાદીને રહેવા માટે 173 સ્ક્વેર મીટરની જગ્યા મળે.

**5** ***હાલમાં પર કેપિટા ગ્રીન કવર 2.7 મીટર છે. 2041 સુધી વસ્તી 1.6 કરોડ થાય તો કેટલું ગ્રીન કવર જોઈએ?***
ચેટ જીપીટી : હાલમાં અમદાવાદની વસ્તી અને વિસ્તારના આધારે અમદાવાદનું પર કેપિટા ગ્રીન કવર 2.7 મીટર છે. જો 2041માં અમદાવાદની વસ્તી 1.6 કરોડ થશે તો પર કેપિટા ગ્રીન કરવ 1.43 મીટર થશે. એટલે કે એરિયા વધશે પણ ગ્રીન કવર ઘટશે.

## પાવર ઓફ ડાયમંડ

# સુરત ડાયમંડ બુર્સમાં 21 નવેમ્બરથી ઑફિસો શરૂ

આગામી 21મી નવેમ્બરથી સુરત ડાયમંડ બુર્સમાં ઑફિસો શરૂ થઈ જશે. હીરાવેપારીઓએ ઑફિસનું ફર્નિચર કામ શરૂ કરી દીધું છે. 2600 કરોડના ખર્ચે 1.48 લાખ ચોરસમીટરમાં તૈયાર થયેલા હીરાબુર્સમાંથી વર્ષે 2 લાખ કરોડથી વધુનો વેપાર થશે. બુર્સમાં 10 હજાર ટૂ-વ્હીલર અને 4500 ફોર-વ્હીલરની પાર્કિંગ વ્યવસ્થા છે. તમામ બિલ્ડિંગ મળી, 4,200 ઑફિસ છે. 15 એકરને ગ્રીન એરિયા તરીકે ડેવલપ કરી પંચતત્ત્વ થીમ પર તમામ લેન્ડસ્કેપ ડિઝાઈન કરાયા છે. ટાવરો વચ્ચેની 3 વીઘા જગ્યામાં પણ લેન્ડસ્કેપિંગ ડિઝાઈન કરાશે. ગ્રાઉન્ડ અને 15 માળના 9 ટાવરમાં કુલ 128 લિફ્ટ મુકાઈ છે. કુલ 4000 સીસીટીવી કૅમેરા, ફાયર સેફ્ટી માટે સેન્સર પણ છે.

વિશ્વના 175થી વધુ દેશના ગ્રાહકો અહીં આવશે ત્યારે તેમને આકર્ષવા માટે ડાયમંડ બુર્સની તમામ ઑફિસો આંતરરાષ્ટ્રીય સ્તર પ્રમાણે તૈયાર કરવામાં આવી રહી છે.



BSE-500 સીઇઓમાં 53% IIM-Aથી, ઇજનેરી ક્ષેત્રે IIT ગાંધીનગર તો કાયદા ક્ષેત્રે GNLUનું વર્ચસ્વ

## પાવર ઓફ મેનેજમેન્ટ

# વિશ્વ બૅન્કના અધ્યક્ષ, RBIના 4 ગવર્નર સહિત 41 હજાર બિઝનેસમૅન અમદાવાદમાં તૈયાર થયા

**આઈઆઈએમ-એ, આઈઆઈટી-જી, નેશનલ લૉ યુનિવર્સિટી, માઈકા, એનઆઈડી, પીડીપીયુ, એનઆઈએફટી, ડીએઆઈઆઈસીટી, રક્ષા યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સહિત અનેક વિશ્વ વિદ્યાલયો અને કોલેજીસ ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપી રહ્યાં છે. રાજ્યમાં 60 હજારથી વધારે ડૉક્ટર્સ નોંધાયેલા છે. અનેકને પોતાના ક્ષેત્રમાં કામગીરી માટે દેશના સર્વોચ્ચ પદ્મ પુરસ્કારથી નવાજવામાં પણ આવ્યા છે. આજે દેશનું ગૌરવ વધારતી ગુજરાત સ્થિત આ ત્રણ શૈક્ષણિક સંસ્થાઓના યોગદાન વિશે વાત કરવી છે.**

### IIM-A: 12થી વધારે પદ્મ એવોર્ડ વિજેતા અહીંથી, 70થી વધારે દેશોમાં ફેલાયેલું છે પૂર્વ વિદ્યાર્થીઓનું નેટવર્ક

આજે 70થી વધારે દેશોમાં આઈઆઈએમ-અમદાવાદના પૂર્વ વિદ્યાર્થીઓનું નેટવર્ક છે. આજ સુધી આ સંસ્થાએ 41 હજારથી વધારે બિઝનેસમૅન આપ્યા છે. રિઝર્વ બૅન્કને ચાર ગવર્નર અહીંથી મળ્યા છે, જેમાં રઘુરામ રાજન, આઈ. જી. પટેલ, સી. રંગરાજન, વેણુગોપાલ રેડ્ડીનો સમાવેશ થાય છે. વર્લ્ડ બૅન્કના નવા પ્રમુખ તરીકે આઈઆઈએમના પૂર્વ વિદ્યાર્થી અજય બંગાની વરણી થઈ છે.



**અજય બંગા**
પ્રમુખ, વર્લ્ડ બૅન્ક

**આ જાણીતાં નામો પણ અમદાવાદમાં ભણેલાં**

| નામ | હોદ્દો |
|---|---|
| આશિષ નંદા | પૂર્વ ડાયરેક્ટર, આઈઆઈએમ-અમદાવાદ |
| વી. નાગેશ્વરન | પૂર્વ મુખ્ય નાણાકીય સલાહકાર, ભારત સરકાર |
| મલ્લિકા સારાભાઈ | પદ્મભૂષણ અને જાણીતાં નૃત્યાંગના |
| કિરણ કાર્ણિક | પદ્મશ્રી અને નાસ્કોમના પૂર્વ પ્રમુખ |
| ફાલ્ગુની નાયર | ફાઉન્ડર, નાયકા |
| કે. વી. કામથ | પદ્મભૂષણ અને બ્રિક્સના પહેલા પ્રમુખ |
| અરવિંદ સુબ્રહ્મણ્યમ્ | પૂર્વ મુખ્ય નાણાકીય સલાહકાર, ભારત સરકાર |
| હર્ષા ભોગલે | જાણીતા ક્રિકેટ કોમેન્ટ્રેટર |
| ચેતન ભગત | જાણીતા લેખક |
| દીપ કાલરા | ફાઉન્ડર, મેક માય ટ્રીપ |

### IIT-G: 15 વર્ષમાં 2300થી વધારે ઈજનેર આપ્યા, સ્ટાર્ટ અપમાં ડંકો, 250થી વધુ છે અમેરિકામાં

2008માં ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે આઈઆઈટી, ગાંધીનગરની સ્થાપના થઈ હતી. આઈઆઈટી, ગાંધીનગરની પહેલી બેચના વિદ્યાર્થીઓ 2012માં ગ્રેજ્યુએટ થયા હતા. હાલ 250થી વધારે આઈઆઈટી ગ્રેજ્યુએટ્સ અમેરિકમાં તો 100થી વધારે યુરોપના જુદા-જુદા દેશોમાં છે. 30થી વધારે કેનેડામાં, 40 આસપાસ સિંગાપોર સહિત અન્ય દેશોમાં છે.



**દીપ્તિ ચોપરા**
કૉ-ફાઉન્ડર
એડફેસ

**IIT, ગાંધીનગરનાં એ નામ જેમણે ગૌરવ વધાર્યું**

| નામ | ઓળખ |
|---|---|
| પ્રશાંત બોરડે, શૌર્યસિંહા | કો-ફાઉન્ડર, રેક્કો |
| પ્રથમેશ જુવાટકર, સાર્થક જૈન | કો-ફાઉન્ડર, નેનોનેટ્સ |
| અજિંક્યા કુલકર્ણી, અભિક પટેલ | વિન્ટ વેલ્થ |
| કિસ્લય પંકજ | સીટીઓ, મિસેલીયો મોટર્સ |
| દીપ્તિ ચોપરા | કો-ફાઉન્ડર, એડફેસ |
| નિર્સગ શાહ | કો-ફાઉન્ડર, એફેબલ |
| અંકિત અગ્રવાલ | કો-ફાઉન્ડર, એગ્મેકો ઈન્ડસ્ટ્રીઝ |
| રોશન અગ્રવાલ | ફાઉન્ડર, વ્હાઈટ પાન્ડા |
| સિલ્કી અગ્રવાલ | ફાઉન્ડર, જીઓ કાર્ટે રડાર |
| અંકિતા સિન્હા, રીષભ માથુર | કો-ફાઉન્ડર, માઈકોબી |

### GNLU: 100થી વધુ વિદ્યાર્થી દેશનાં જુદાં જુદાં 16 રાજ્યના ન્યાયતંત્રમાં ટોચના પદ પર

ગાંધીનગરસ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં ન્યાયતંત્રની પદવી મેળવનારા 100થી વધુ વિદ્યાર્થી દેશનાં 16 રાજ્યના ન્યાયતંત્રમાં સેવા આપી રહ્યા છે, જેમાં ગુજરાતમાં 35 અને રાજસ્થાનમાં 30 મોખરે છે. જીએનએલયુની સ્થાપના 2003માં કરાઈ હતી. 2019માં રાજસ્થાન જ્યુડિશિયલ સર્વિસ માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં એક સાથે 16 પૂર્વ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા, જ્યારે 2022માં 15 પૂર્વ વિદ્યાર્થી દેશનાં 4 રાજ્ય ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, બિહારના ન્યાયયતંત્રમાં નિમણૂક માટે પસંદગી પામ્યા હતા. આ વિદ્યાર્થીઓએ વિદેશમાં પણ નામના મેળવી છે. તેઓ યુરોપ, નોર્થ અમેરિકાની વિશ્વની ટોચની યુનિવર્સિટીમાં સ્કોલરશિપ સાથે વધુ અભ્યાસ માટે જાય છે.

**વિવિધ રાજ્યોના ન્યાયતંત્રમાં જીએનએલયુના વિદ્યાર્થીઓ**

| રાજ્ય | સંખ્યા |
|---|---|
| ગુજરાત | 35 |
| રાજસ્થાન | 30 |
| બિહાર | 10 |
| ઉત્તર પ્રદેશ | 10 |
| દિલ્હી | 05 |
| મધ્ય પ્રદેશ | 05 |
| પશ્ચિમ બંગાળ | 03 |

*(ઉપરાંત ઓડિશામાં 2, આસામ, છત્તીસગઢ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, મહારાષ્ટ્ર, સિક્કિમ, ઉત્તરાખંડ, ત્રિપુરામાં એક-એક છે.)*

## ક્રિકેટ અને ગુજરાત

### 1721માં દેશની પહેલી ક્રિકેટ ટૂર્નામેન્ટ બ્રિટિશ નાવિકો કેમ્બે (હાલના ખંભાત)માં રમ્યા હતા



### પણ આજે... 1.32 લાખ દર્શકોને સમાવી શકે એવું દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં છે



ભારતમાં ક્રિકેટનો પ્રવેશ ગુજરાતમાંથી થયો હતો. બહુ ઓછા લોકો આ હકીકતથી વાકેફ હશે. વર્ષ 1721માં એ સમયે મુંબઈનો ભાગ ગણાતા ખંભાતમાં બ્રિટિશ ખલાસીઓ અને જહાજમાં સફર કરતા વેપારીઓ વચ્ચે પહેલી વાર ક્રિકેટ ટૂર્નામેન્ટ રમ્યા હતા. તેઓ અવારનવાર સમય પસાર કરવા માટે ક્રિકેટ રમતા હતા ત્યારે ભારતમાં ક્રિકેટ વિશે કોઈને જાણ નહોતી. દેશમાં પહેલી વાર ક્રિકેટ ગુજરાતમાં રમાયું હતું તો આજે અમદાવાદમાં આવેલું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ વિશ્વનું સૌથી વિશાળ ક્રિકેટ સ્ટેડિયમ છે, જેમાં 1.32 લાખ દર્શકો બેસી શકે છે.

## પાવર ઓફ UPSC

30 વર્ષમાં સ્પીપાએ 28 IAS, 49 IPS સહિત 250થી વધુ અધિકારી આપ્યા

# 2016 પછી 7 વર્ષમાં 108 યુવા ગુજરાતી અધિકારી બન્યા, આ પણ એક રેકોર્ડ છે, અગાઉ 16 વર્ષમાં 53 પાસ થયા હતા

- 10 ગુજરાતી અધિકારી ફોરેન સર્વિસમાં પણ છે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

UPSC 2022ના જાહેર થયેલા પરિણામમાં સ્પીપામાં તાલીમ પામેલા 17 ઉમેદવારે સફળતા મેળવી છે. છેલ્લાં થોડાંક વર્ષોમાં સિવિલ સર્વિસ પરીક્ષા માટે ગુજરાતી ઉમેદવારોમાં વધારે ગંભીરતા જોવા મળી રહી છે. સ્પીપામાંથી મળેલા આંકડાઓ મુજબ, 1992થી 2022 સુધી સ્પીપામાંથી તાલીમ પામેલા 250થી પણ વધારે ઉમેદવારે દેશની સૌથી અઘરી ગણાતી પરીક્ષા પાસ કરી સફળતા મેળવી છે. 1992થી 2008 સુધીનાં 16 વર્ષના સમયગાળા દરમિયાન 53 ઉમેદવાર પાસ થયા હતા જ્યારે 2009થી 2015 સુધી 95 જ્યારે 2016થી 2022 સુધી 108 ઉમેદવારને UPSC ક્લિયર કરવામાં સફળતા મળી છે. વર્ષ 2008 સુધી સ્પીપામાંથી સરેરાશ 3થી 7 ઉમેદવારને સફળતા મળતી હતી, જે પ્રમાણ વધીને હવે 15થી 17 સુધી પહોંચી ગયું છે. 2017માં 22 ઉમેદવારે મેદાન માર્યું હતું.

**સ્પીપાના વિદ્યાર્થીઓ ક્યાં-ક્યાં?**

| | |
|---|---|
| IAS (વહીવટી સેવા) | 28 |
| IPS (પોલીસ સેવા) | 49 |
| IFS (ફોરેન) | 10 |
| IRS (રેવન્યૂ) | 64 |
| IRPS (રેલવે પર્સોનલ) | 04 |
| DANIPS (કેન્દ્રશાસિતપ્રદેશ) | 06 |
| ICLS (કોર્પોરેટ લૉ) | 10 |
| IRTS (રેલવે ટ્રાફિક) | 15 |

**સ્પીપાના ઉમેદવારોની સફળતાના આંકડા**

| વર્ષ | પાસ ઉમેદવાર | IAS | IPS | અન્ય |
|---|---|---|---|---|
| 2022 | 17 | - | - | - |
| 2021 | 6 | 1 | 2 | 3 |
| 2020 | 13 | 2 | 5 | 6 |
| 2019 | 13 | - | 4 | 9 |
| 2018 | 19 | 1 | 6 | 12 |
| 2017 | 22 | 1 | 2 | 19 |
| 2016 | 19 | 2 | 2 | 15 |

**1962થી આજ સુધી...** 1962માં ગુજરાત સરકાર દ્વારા સ્પીપાની સ્થાપના કરવામાં આવી હતી. 1974માં તેનું નામ બદલીને સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન કરાયું હતું. 2004માં સ્પીપાને સ્વાયત્ત સંસ્થા બનાવવામાં આવી હતી.

**ક્યાં ફરજ બજાવે છે આ સફળ ઉમેદવારો**

| નામ | પાસ વર્ષ | હાલમાં |
|---|---|---|
| અનિલ રાણાવાસિયા | 2013 | કલેક્ટર, જૂનાગઢ |
| પ્રવીણ સોલંકી | 2002 | કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ |
| ગૌતમ પરમાર | 2003 | આઈજી, ભાવનગર રેન્જ |
| ધવલ પટેલ | 2007 | કમિશનર, જીઓલોજી |
| મકરંદ ચૌહાણ | 2006 | સંયુક્ત નિયામક, એસીબી |
| વિજય ખરાડી | 2007 | સ્પીપા, અમદાવાદ |
| આનંદ પટેલ | 2009 | મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ |
| લીના પાટિલ | 2009 | પોલીસ અધિક્ષક, પંચમહાલ |
| ધ્રુમન નિમ્બાલ | 2009 | પોલીસ અધિક્ષક, એન.આઈ.એ. |
| રોહિત વઢવાણા | 2009 | નૈરોબી, ડૅપ્યુટી હાઈ કમિશનર |
| સુજલ મયાત્રા | 2010 | મહેસૂલ વિભાગ, ગાંધીનગર |
| શફીન હસન | 2017 | ડીસીપી, ટ્રાફિક, અમદાવાદ |
| મિરાંત પરીખ | 2016 | ડીડીઓ, જૂનાગઢ |
| તેજસ પરમાર | 2015 | એમ.ડી. પીજીવીસીએલ |



સ્પીપામાંથી સફળ થનારા ઉમેદવારોનું પ્રમાણ 2008માં 3થી 7 ઉમેદવારથી વધીને 2015માં 17 અને 2017માં 22 થયું છે.

**ગુજરાતીઓ ક્રિકેટ સિવાય** બીજી રમતોમાં પણ મેદાન મારી રહ્યા છે, 62 ખેલાડીની વિદેશમાં તાલીમ માટે પસંદગી

## પાવર ઓફ સ્પોર્ટ્સ

# રમતમાં પણ ગુજરાતીઓ આગળ: નેશનલ, ઈન્ટરનેશનલમાં 310 મેડલ જીતી ચૂક્યા છે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાતમાંથી દેશને ઘણાબધા શાનદાર ક્રિકેટર્સ મળ્યા છે. ગુજરાતી ક્રિકેટર્સ વિના ભારતીય ટીમની કલ્પના કરવી પણ હવે મુશ્કેલ છે ત્યારે જાણવા જેવું છે કે અન્ય રમતોમાં પણ ગુજરાતીઓ પાછળ નથી. નેશનલ અને ઈન્ટરનેશનલ કક્ષાએ 235થી વધારે ગુજરાતી ખેલાડીઓના નામે 310થી વધારે વિવિધ મેડલ બોલે છે, જેમાંથી 88 મેડલ તો ગોલ્ડ છે. ઈન્ટરનેશનલ કક્ષાએ 60થી વધારે મેડલ મેળવેલાં છે, જેમાં 25 ગોલ્ડ છે. નેશનલ કક્ષાએ 250 મેડલ છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીએ કોમનવેલ્થ ગેમ્સ 2022માં રૂ. 80 લાખના ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કર્યા હતા. સરકાર દ્વારા નેશનલ, ઈન્ટરનેશનલ કક્ષાએ રમતા ખેલાડીઓની તૈયારીઓ માટે વર્ષે રૂ. 30 લાખ સુધી સહાય આપવામાં આવે છે. શક્તિદૂત યોજનામાં 62 ખેલાડીની પસંદગી કરાઈ છે. સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત દ્વારા જિલ્લા કક્ષાએ રમતગમતને પ્રોત્સાહન આપવામાં આવે છે.










**ગૌરવ અપાવવામાં આ ખેલાડીઓ**

| ખેલાડી | રમત |
|---|---|
| હરમિત દેસાઈ | ટેબલ ટેનિસ |
| માનવ ઠક્કર | ટેબલ ટેનિસ |
| માના પટેલ | સ્વિમિંગ |
| અંકિતા રૈના | ટેનિસ |
| તસનીમ મીર | બેડ્મિન્ટન |
| સરિતા ગાયકવાડ | એથ્લેટીક્સ |
| ભાવિના પટેલ | પેરા ટેબલ ટેનિસ |
| પારૂલ પરમાર | પેરા બેડમિન્ટન |
| માનુષ શાહ | ટેબલ ટેનિસ |
| લજ્જા ગોસ્વામી | શૂટિંગ |
| તેજસ બાકરે | ચેસ |
| સોનલ પટેલ | ટેબલ ટેનિસ |
| યાસ્તિકા ભાટિયા | ટી-20 ક્રિકેટ |
| રાધા યાદવ | ટી-20 ક્રિકેટ |

**2010થી યોજાય છે ખેલમહાકુંભ**

2010થી રાજ્યમાં ખેલમહાકુંભની શરૂઆત કરવામાં આવી હતી. એ વખતે કુલ 16 રમતો સાથે શરૂઆત કરવામાં આવી હતી. ખેલમહાકુંભ 2019માં 36 રમતોમાં 47 લાખ ખેલાડીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. 13 જિલ્લામાં બીચ સ્પોર્ટ્સની રમતો યોજાઈ હતી.

**ઇન્ટરનેશનલ કક્ષાએ ગુજરાતી?**

| રમત | ખેલાડી | ગોલ્ડ | કુલ મેડલ |
|---|---|---|---|
| ટેનિસ | 4 | 4 | 16 |
| ટેકવોન-ડો | 12 | 4 | 14 |
| ટેબલ ટેનિસ | 3 | 2 | 8 |
| બેડ્મિન્ટન | 2 | 6 | 8 |
| શૂટિંગ | 1 | 3 | 5 |
| જૂડો | 4 | 1 | 4 |
| સ્વિમિંગ | 1 | 3 | 4 |
| બધી રમતો કુલ | 30 | 25 | 6 |

**વિદેશમાં તાલીમ માટે 25 લાખ સુધી સહાય** | શક્તિદૂત યોજનામાં પસંદગી પામેલા ખેલાડીઓને વિદેશમાં તાલીમ અને સ્પર્ધા માટે મોકલાય છે. જેમાં કેટેગરી મુજબ રૂ.5 લાખથી 25 સુધીની સહાય ઉપરાંત, મેડિક્લેમ, અકસ્માત વીમાની જોગવાઈ હોય છે. રાજ્યના 62 ખેલાડીનો આ યોજનામાં સમાવેશ કરાયો છે. 2019-20માં ખેલપ્રતિભા પુરસ્કારમાં માનવ ઠક્કર, હરમિત દેસાઈ, માના પટેલ, તેજસ બાકરે, ભાવિના પટેલની પસંદગી થઈ હતી.

## પાવર ઓફ વુમન

### ગુજરાતી નારી બની નારાયણી... દેશનાં અન્ય રાજ્યો કરતાં ગુજરાતની મહિલાઓ સૌથી આગળ

# ગુજરાતમાં 87% મહિલાઓ મરજીની માલિક

**વ્યક્તિગતથી માંડીને પ્રોફેશનલ જીવન સુધી દરેક તબક્કે ગુજરાતી મહિલાઓ દેશની મહિલાઓની સરખામણીએ આગળ છે. ભાસ્કરે નેશનલ ફેમિલી હેલ્થ સરવે-5ના રિપોર્ટના આધારે ગુજરાતની મહિલાઓનું 10 મુખ્ય માપદંડ પર મૂલ્યાંકન કર્યું હતું અને દરેક માપદંડમાં રાષ્ટ્રીય સરેરાશ કરતાં અગ્રક્રમે રહી હતી. પછી તે નોકરી હોય, પગાર હોય, ખૂલીને જીવવાની આઝાદી હોય કે પછી પરિવારથી જોડાયેલો કોઈ મહત્ત્વનો નિર્ણય લેવાનો હોય...**

### નોકરી; 33% મહિલાઓ વર્કિંગ, દેશની સરેરાશથી 7% વધુ

ગુજરાત 33% રાષ્ટ્રીય 25%


- **ગુજરાતમાં 15-49 વર્ષની 33% મહિલા નોકરી કરે છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ 25%ની જ છે એટલે રાજ્યથી 7% સુધી ઓછી.**
- માત્ર પરિણીત મહિલાઓની વાત કરીએ તો 38% વર્કિંગ છે, દેશની સરેરાશ 32% છે.
- ગુજરાત ઉપરાંત 8 રાજ્ય (મેઘાલય, મણિપુર, મહારાષ્ટ્ર, તેલંગાણા, તમિલનાડુ, નાગાલેન્ડ, કર્ણાટક અને આંધ્ર) જ છે, જ્યાં 33%થી વધુ નોકરિયાત મહિલાઓ છે.
- ગુજરાતમાં નોકરી ન કરતી મહિલાઓ 61.5%, જ્યારે દેશમાં સરેરાશ 69.5% સુધી છે.
- સૌથી ઓછી નોકરુયાત મહિલાઓ તેલંગાણા (52%) અને સૌથી વધુ લક્ષદ્વીપ (89%)માં છે.

### લગ્ન; 21%એ 18 વર્ષે કર્યાં, દેશમાં ટકાવારી કુલ સરેરાશ 25% છે

ગુજરાત 21% રાષ્ટ્રીય 25%

- ગુજરાતમાં 18-29 વર્ષની પરિણીત મહિલામાં 21%એ 18ની ઉંમરમાં લગ્ન કર્યાં છે. શહેરોમાં 14% અને ગામમાં 25%. **આ મામલે દેશની કુલ સરેરાશ 25% છે.**
- પ.બંગાળમાં સર્વાધિક 42% અને લક્ષદ્વીપમાં સૌથી ઓછા 4%એ કાનૂની ઉંમરમાં લગ્ન કર્યાં.
- ગુજરાતમાં 6.4% મહિલાઓના પતિ તેમના લોહીના સંબંધમાં છે. દેશમાં સરેરાશ 11% છે.
- ગુજરાતમાં 7.5% પરિણીત મહિલાઓ છે, જેમનાં કોઈ સંતાન નથી તોપણ સંતાન ઈચ્છતાં નથી, દેશમાં સરેરાશ 5.4% છે.
- રાજ્યમાં એકમાત્ર સંતાનવાળી 37%, બે સંતાનવાળી 86%, ત્રણથી વધુ સંતાન ધરાવતી 90% મહિલાઓ વધુ સંતાન ઈચ્છતી નથી.

### પતિ દ્વારા હિંસા... દેશમાં 27મા ક્રમાંકે એટલે સ્થિતિ સારી



- **ગુજરાતમાં 15થી 49 વર્ષની 16% પરિણીત મહિલાઓએ તેમની સાથે શારીરિક હિંસા થઇ હોવાનું સ્વીકાર્યું હતું. રાષ્ટ્રીય સરેરાશ બમણી એટલે 32% છે.**
- પતિ દ્વારા હિંસામાં ગુજરાત 36 રાજ્યની યાદીમાં 27મા ક્રમે છે. કર્ણાટકમાં સ્થિતિ સૌથી ખરાબ (48%), લક્ષદ્વીપમાં સારી (1.3%) છે.
- 11% ગુજરાતી મહિલાઓએ શારીરિક, 0.9%એ જાતીય, 2.4%એ શારીરિક અને જાતીય બંને પ્રકારની હિંસા સહન કરી છે.
- પતિ દ્વારા શારીરિક હિંસા મામલે 13% ગુજરાતી મહિલાઓએ તેનો સામનો કર્યો છે, રાષ્ટ્રીય સ્તર પર સરેરાશ 28% છે.

### આઝાદી; 87%ના મતે મરજીથી સગાસંબંધી પાસે જઇ શકે છે

ગુજરાત 87%

- જો આઝાદીની વાત કરીએ તો 87% ગુજરાતી મહિલાઓના મતે તેઓ મરજીથી પરિવાર-સંબંધીઓને મળવા જઈ શકે છે.
- **82% મહિલાઓના મતે ઘરમાં કોઈ મોટી ખરીદી તેમની મરજી વગર થતી નથી.**
- 86% મહિલાઓ પોતાના સ્વાસ્થ્યથી જોડાયેલા નિર્ણય માટે સંપૂર્ણપણે સ્વતંત્ર છે.
- **સંયુક્ત રીતે ત્રણે મોટા નિર્ણયો લેવાની આઝાદીમાં 75% ગુજરાતી મહિલાઓના મતે તેઓ મરજીની માલિક. દેશની સરેરાશ 71% છે.**
- 56% ગુજરાતી મહિલાઓને એકલા માર્કેટ, હૉસ્પિટલ/ગામ/શહેરથી બહાર જવાની છૂટ છે. રાષ્ટ્રીય સરેરાશ 42% છે.

### સંપત્તિ; 35% પાસે જમીન, રાષ્ટ્રીય સરેરાશ 32% છે

ગુજરાત 35% રાષ્ટ્રીય 32%

- ગુજરાતમાં 35% મહિલાઓના નામ પર અથવા સંયુક્તપણે જમીન છે, દેશમાં સરેરાશ 32% છે.
- **42% ગુજરાતી મહિલાઓએ કહ્યું કે એકલા અથવા સંયુક્તપણે મકાનનો માલિકી હક્ક છે. રાષ્ટ્રીય સરેરાશ 42% છે.**
- 49% ગુજરાતી મહિલાઓ પાસે પોતાનો મોબાઈલ છે. જોકે દેશમાં તે 54% છે.
- **ગુજરાતમાં મોબાઈલ રાખતી 74.5% મહિલાઓ SMS વાંચી શકે છે, રાષ્ટ્રીય સરેરાશ 70.6% છે.**
- ગુજરાતમાં 64% પુરુષોના નામ પર એકલા અથવા સંયુક્ત રીતે મકાન છે. જ્યારે, 42%ની પાસે જમીનનો માલિકી હક છે.

### આવક; 57% પતિના મતે તેમની પત્ની વધુ કમાય છે

- **ગુજરાતમાં 53% મહિલાઓ પતિને સમકક્ષ અથવા તેનાથી વધુ કમાય છે. મોટાં રાજ્યોમાં આ ટોપ પર છે. માત્ર દાદરા-નગર હવેલીમાં 60% છે.**
- 91% ગુજરાતી મહિલાઓ એકલી અથવા પતિની સાથે કમાણી ખર્ચવા અંગે વિચારે છે.
- **81% મહિલાઓની મરજીથી નક્કી થાય છે કે પતિની કમાણી ક્યાં અને કેવી રીતે ખર્ચવી છે.**
- 57% પતિના મતે પત્ની વધુ કમાય છે.

### ખાણીપીણી; 29%ને ફ્રાઇડ, 21%ને કોલ્ડ ડ્રિન્ક પસંદ

- ગુજરાતની મહિલાઓ આરોગ્યપ્રદ વસ્તુ ખાવાની શોખીન છે અને તળેલું ઓછું ખાય છે. 81% મહિલાઓ સપ્તાહમાં ઓછામાં ઓછા 1 વાર દૂધ/દહીં, 93.5% મહિલાઓ દાળ, 90% લીલી શાકભાજી અને 54% ફળ ખાય છે.
- **29% ગુજરાતી મહિલાઓને ફ્રાઇડ ફૂડ પસંદ, દેશની સરેરાશ 43% છે.** 21% ગુજરાતી મહિલાઓ કોલ્ડ ડ્રિન્કની શોખીન છે. દેશમાં માત્ર 16% છે.

### મનોરંજન; ગુજરાતી મહિલાઓ પુરુષો કરતાં ઓછું ટીવી જુએ છે

- **ગુજરાતમાં 54.6% મહિલાઓ સપ્તાહમાં ઓછામાં ઓછું એક વાર ટીવી જુએ છે જ્યારે પુરુષની ટકાવારી 55.2% છે.**
- 11% ગુજરાતી મહિલાઓ અનુસાર તે મહિનામાં એક વાર થિયેટરમાં મૂવી જુએ છે જ્યારે પુરુષોનો આંકડો 17.7% છે.
- **સપ્તાહમાં ઓછામાં ઓછી 1 વાર રેડિયો સાંભળવામાં મહિલાઓ (4%) પુરુષો (3%) કરતાં આગળ છે.**

### આરોગ્ય; ગુજરાતમાં 34% મહિલાઓનો વીમો, દેશમાં 30%

- **ગુજરાતમાં 15% મહિલાઓએ કહ્યું કે ગત 3 મહિનામાં ઓછામાં ઓછું એક વાર આરોગ્ય સંબંધિત સમસ્યા માટે હૉસ્પિટલ જવું પડ્યું હતું.**
- ગુજરાતમાં પુરુષોની સરખામણીએ મહિલાઓ ઓછી બીમાર પડે છે. ગત 3 મહિનામાં 19% પુરુષોએ ઓછામાં ઓછું એક વાર હૉસ્પિટલ જવું પડ્યું હતું.
- **34% ગુજરાતી મહિલાઓનો આરોગ્ય વીમો છે, રાષ્ટ્રીય સરેરાશ 30% છે.**



### અને સિસ્ટમની 'શક્તિ'

## ઉદ્યોગસાહસિકોમાં 10%, પોલીસમાં 16%, જજોમાં 21%ની ભાગીદાર છે ગુજરાતી મહિલાઓ

ગુજરાતની મહિલાઓ માત્ર પરિવાર અને વ્યાવસાયિક જીવનમાં તાલમેલ નથી રાખતી પરંતુ રોજગાર સર્જનથી માંડીને કાયદો અને વ્યવસ્થામાં પણ યોગદાન આપી રહી છે...

### બિઝનેસ; 44% મહિલા મરજીથી આવી

- **ગુજરાતમાં અંદાજે 1.66 લાખ લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગોનો માલિકી હક્ક મહિલાઓ પાસે છે, જે આ ક્ષેત્રમાં અંદાજે 10% હિસ્સો દર્શાવે છે.**
- *જર્નલ ઑફ ગ્લોબલ આંત્રપ્રિન્યોરશિપ રિસર્ચ અનુસાર, 44% મહિલાઓએ કહ્યું કે તેઓ પોતાનો બિઝનેસ શરૂ કરવા માગતી હતી, એટલે જોડાઈ. 15%એ ફેમિલી બિઝનેસનું કારણ આપ્યું.*

### પોલીસ; ગુજરાત ટૉપ-5 રાજ્યોમાં

- **18 મોટાં રાજ્યના કુલ પોલીસ સ્ટાફમાં મહિલાઓનો હિસ્સો જોઇએ તો ગુજરાત 16% સાથે ટોપ 5માં છે. આંધ્ર (22%) પહેલા, બિહાર (21%), બીજા, તમિલનાડુ (19%) ત્રીજા અને મહારાષ્ટ્ર (18%) ચોથા ક્રમે છે.**
- *પોલીસમાં 33% મહિલાઓની ભાગીદારી સુધી પહોંચવા માટે ગુજરાતને 9 વર્ષ લાગી શકે છે. બિહાર (5 વર્ષ) અને આંધ્ર (3 વર્ષ) બાદ ગુજરાત દેશમાં સારી સ્થિતિમાં છે.*

### હાઈકોર્ટ; મહિલા જજમાં ટૉપ-2 પર

- **હાઇકોર્ટના જસ્ટિસમાં મહિલાઓની ભાગીદારીની વાત કરીએ તો ગુજરાત 21% સાથે તેલંગામાં (27%) પછી બીજા ક્રમે છે.**
- *ગુજરાતની ગૌણ અદાલતોમાં પણ 19.5% મહિલા જજ છે. તેલંગાણામાં આ ટકાવારી 53% છે.*

---

## પાવર ઓફ ભાષા

### 2022માં 2019થી બમણી ગુજરાતી ફિલ્મો આવી, દર્શકો 22% વધ્યા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

દેશમાં નેશનલ ચેનલોને પ્રાદેશિક ચેનલો તરફથી જોરદાર સ્પર્ધા મળી રહી છે. તેમાં પણ અસમિયા (24%) બાદ ગુજરાતી ચેનલોએ છેલ્લા એક વર્ષમાં પોતાની પહોંચ સૌથી વધુ (22%) વધારી છે જ્યારે હિન્દી અને અંગ્રેજી ચેનલોની પહોંચમાં માત્ર 1%નો વધારો થયો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં પ્રસિદ્ધ કરાયેલા ફિક્કીના મીડિયા એન્ડ એન્ટરટેઇનમેન્ટ રિપોર્ટમાં આ આંકડા રજૂ કરાયા છે. પ્રાદેશિક ચેનલોની લોકપ્રિયાનો અંદાજ એ વાત પરથી લગાડી શકાય કે 2022માં ચેનલોને સરેરાશ 816 કલાકની જાહેરાતો મળી હતી જ્યારે રાષ્ટ્રીય ચેનલો પર માત્ર 686 કલાકની જાહેરાત મળી હતી.

**ગર્વ, ઑસ્કર નૉમિનેટેડ ગુજરાતી ફિલ્મ 'ધ લાસ્ટ શો'**

### સિનેમા: પંજાબી, મરાઠી ફિલ્મોને પણ પછાડી ગુજરાતી ફિલ્મો આગળ

- 2022માં 76 ગુજરાતી ફિલ્મ રિલીઝ થઇ, જે કોરોનાકાળ પહેલાં એટલે કે વર્ષ 2019ની 40 ફિલ્મની તુલનાએ લગભગ બમણી છે. કોવિડને કારણે 2020માં 14 અને 2021માં માત્ર 21 ફિલ્મ રિલીઝ થઇ હતી.
- જો 4 વર્ષની અંદર ગ્રોથ પર નજર કરીએ તો ગુજરાતી ફિલ્મોએ હિન્દી, અંગ્રેજી, તમિલ, તેલુગુ, કન્નડ, પંજાબી, મરાઠી અને બંગાળીને પાછળ છોડી દીધી છે.
- પ્રી-કોવિડની તુલનાએ રિલીઝ થનારી ફિલ્મો ઘટી ચૂકી છે. 2019માં હિન્દીમાં 236 ફિલ્મ રિલીઝ થઇ હતી, 2022માં 194 રિલીઝ થઇ. આ જ રીતે 2019 દરમિયાન હોલિવૂડની 109 ફિલ્મ રિલીઝ થઈ, જે 2022માં 67 હતી.

### ગુજરાતી : 20 વર્ષ સુધી ઘટાડા બાદ ગત 10 વર્ષમાં માંગ વધી

- ગુજરાતી ભાષાની પ્રગતિ અંગે વાત કરીએ તો 1971માં દેશની 4.72% વસતી ગુજરાતી બોલતી હતી, જે 1981માં વધીને 4.87% થઇ ચૂકી છે. 1981થી 1991 વચ્ચે આ આંકડો ઘટીને 4.85% થયો હતો અને 1991થી 2001 વચ્ચે ગુજરાતી બોલનારાની ટકાવારી 4.48% હતી.
- વર્ષ 2001થી 2011ની વચ્ચે તેમાં વધારો નોંધાતાં તે 4.58% સુધી પહોંચી ગઇ હતી. આ ટ્રેન્ડ દર્શાવે છે કે ગુજરાતી ભાષાની લોકપ્રિયતા ફરીથી વધવા લાગી છે.

## ઐતિહાસિક તસવીર

### 1862માં દેશની પહેલી ગુડ્સ ટ્રેન મિયાગામથી ડભોઈ વચ્ચે દોડી હતી, જેમાં એન્જિનને બદલે બળદ જોતરવામાં આવ્યા હતા



**...અને આજે દેશનું પ્રથમ 9 હજાર હોર્સપાવર ધરાવતા રેલવે એન્જિનનું કારખાનું દાહોદમાં બની રહ્યું છે**



દેશની પ્રથમ નેરોગેજ ગુડ્સ ટ્રેન વર્ષ 1862માં મિયાગામથી ડભોઈ વચ્ચેના 6.5 કિમીના અંતરમાં શરૂ થઈ હતી. વડોદરાના મહારાજાએ તેનું ઉદ્ઘાટન કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે આ ટ્રેન એન્જિન નહીં પણ બળદો દ્વારા ખેંચવામાં આવી હતી. જો કે એન્જિનનો નિયમિત ઉપયોગ ઈ. સ. 1880 સુધી કરવામાં આવતો ન હતો. આજે 9 હજાર હોર્સપાવરની ક્ષમતા ધરાવતું દેશનુ પ્રથમ રેલવે એન્જિનનું કારખાનું ગુજરાતના જ દાહોદમાં બની રહ્યું છે.

## પાવર ઓફ બ્રાન્ડ

### દેશની 500 કંપનીમાં ગુજરાતી કંપનીઓનો હિસ્સો 23% સુધી

# બ્રાન્ડ ગુજરાતી! 47 કંપનીનું વેલ્યુએશન 50 લાખ કરોડ, આ 107 દેશની GDP કરતાં વધુ

**15 કંપનીનું વેલ્યુએશન 1 લાખ કરોડથી પણ વધારે, મુંબઈમાં ગુજરાતી ઉદ્યોગપતિઓનું વર્ચસ્વ**

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

દેશ જ નહીં દુનિયાના ટોચના શ્રીમંતોમાં પણ ગુજરાતીઓ સ્થાન જમાવી ચૂક્યા છે. દેશની 6 હજાર કરોડથી વધારે વેલ્યુએશન ધરાવતી 500 કંપનીમાં ગુજરાતીઓની માલિકીની 47 કંપની છે. આ તમામ કંપનીઓનું માર્કેટ વેલ્યુએશન જોઇએ તો અંદાજે 50 લાખ કરોડથી પણ વધારે થાય છે. તમામ 500 કંપનીઓનું કુલ વેલ્યુએશન 225 લાખ કરોડથી પણ વધુ છે. ગુજરાતી કંપનીઓનો ફાળો 23 ટકાથી વધારે છે. ભારત સહિત અન્ય દેશોની જીડીપીની સરખામણીએ જોઇએ તો 100થી વધારે દેશોની જીડીપી કરતાં ગુજરાતી કંપનીઓનું કુલ વેલ્યુએશન વધારે છે.

**1 લાખ કરોડથી વધારે વેલ્યુ ધરાવતી 15 ગુજરાતી કંપની**

| કંપની | સ્થાપક | વેલ્યુએશન |
|---|---|---|
| રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ધીરુભાઈ અંબાણી | 17.25 લાખ કરોડ |
| તાતા કન્સલટન્સી | જેઆરડી તાતા | 11.68 લાખ કરોડ |
| અદાણી ટોટલ ગૅસ | ગૌતમ અદાણી | 3.96 લાખ કરોડ |
| અદાણી એન્ટરપ્રાઈઝ | ગૌતમ અદાણી | 3.81 લાખ કરોડ |
| કોટક મહિન્દ્રા બૅન્ક | ઉદય કોટક | 3.77 લાખ કરોડ |
| અદાણી ટ્રાન્સમિશન | ગૌતમ અદાણી | 3.73 લાખ કરોડ |
| અદાણી ગ્રીન એનર્જી | ગૌતમ અદાણી | 3.33 લાખ કરોડ |
| એશિયન પેઈન્ટ્સ | 4 ગુજરાતી મિત્ર | 2.98 લાખ કરોડ |
| સન ફાર્મા | દિલીપ સંઘવી | 2.44 લાખ કરોડ |
| વિપ્રો | મોહંમદ પ્રેમજી | 2.12 લાખ કરોડ |
| અદાણી પોર્ટ્સ (એસઈઝેડ) | ગૌતમ અદાણી | 1.74 લાખ કરોડ |
| તાતા મોટર્સ | જેઆરડી તાતા | 1.37 લાખ કરોડ |
| પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ | બળવંત પારેખ | 1.31 લાખ કરોડ |
| અદાણી પાવર | ગૌતમ અદાણી | 1.31 લાખ કરોડ |
| તાતા સ્ટીલ | જમશેદજી તાતા | 1.24 લાખ કરોડ |

(આંકડા હુરુન ઈન્ડિયા 500 રિપોર્ટ, 2022 મુજબ)

### ઘણા દેશોની GDP

- આંકડાઓ જોઈએ તો દુનિયામાં સૌથી વધારે જીડીપી અમેરિકાનો 1830 લાખ કરોડ છે. 1450 લાખ કરોડ સાથે ચીન બીજા ક્રમે છે. બાદમાં 400 લાખ કરોડ સાથે જાપાન અને 350 લાખ કરોડ સાથે જર્મની છે. 260 લાખ કરોડથી વધારે જીડીપી સાથે ભારત પાંચમા ક્રમે છે.
- **કુલ 30થી વધુ દેશનો જીડીપી 50 લાખ કરોડથી વધારે છે જ્યારે 150થી વધારે દેશનો જીડીપી 50 લાખ કરોડથી નીચે છે.**

## પાવર ઓફ રાષ્ટ્રપ્રેમ

### લશ્કરમાં 22 હજાર જ્યારે ઍરફોર્સ નેવીમાં પણ 2 હજાર ગુજરાતી

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે, કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવ/ઘાયલ મરતાં મરતાં રે માતની આઝાદી ગાવે.' ઝવેરચંદ મેઘાણીનું આ શૌર્યગાન આજે પણ દેશપ્રેમની અહાલેક જગાવે છે. હિન્દ માતાની સરહદે કેટલા ગુજરાતીઓ મા ભોમની રક્ષામાં ઊભા છે, એ વારંવાર પુછાતા સવાલનો જવાબ છે કે દેશની આર્મીમાં 22417 ગુજરાતી છે. ઍરફોર્સમાં 1258 જ્યારે નેવીમાં 625 ગુજરાતી સેવા આપી રહ્યા છે. રાજ્યમાં હવે આર્મીના ભરતી મેળાઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સૌથી વધારે ઉત્તર પ્રદેશના 1.67 લાખ લોકો આર્મીમાં છે. પંજાબના 89 હજાર, મહારાષ્ટ્રના 87 હજાર, બિહારના 75 હજાર, હરિયાણાના 66 હજાર યુવાનો આર્મીમાં છે. રાજસ્થાનના 79 હજાર યુવાનો આર્મીમાં છે. દેશમાં આ બાબતે ગુજરાતનો ક્રમ 16મો છે. ગુજરાતમાં 2018થી 2020 સુધીમાં આર્મીમાં 4583 યુવાનની ભરતી થઈ છે. આ સમયગાળા દરમિયાન ઉત્તર પ્રદેશમાંથી 22860, પંજાબમાંથી 18107, રાજસ્થાનમાંથી 16054 લોકોની આર્મીમાં ભરતી કરાઇ છે. ગુજરાત છેલ્લાં 3 વર્ષમાં ભરતીના મામલે દેશમાં 15મા ક્રમે છે.

**ગુજરાતમાં છે 31878 એક્સ આર્મીમેન |** રાજ્યમાં 31878 નિવૃત્ત સૈનિક છે. 4507 સૈનિક વિધવા છે જ્યારે એક લાખથી વધારે નિર્ભર છે. સૌથી વધુ અમદાવાદ જિલ્લામાં 6288 નિવૃત્ત સૈનિક છે. વડોદરા જિલ્લામાં 4785, અરવલ્લીમાં 1927, જામનગરમાં 1913, સાબરકાંઠામાં 1852, ગાંધીનગરમાં 1242, રાજકોટમાં 1157 નિવૃત્ત સૈનિક છે. 25થી વધારે ગુજરાતીએ સરહદ પર શહીદી વહોરી છે.

### ગુજરાતીઓ પણ આર્મીમાં ભરતી માટે કરે છે તૈયારીઓ

| રાજ્ય | આર્મીમાં સંખ્યા | 3 વર્ષમાં ભરતી |
|---|---|---|
| ગુજરાત | 22417 | 4583 |
| ઉત્તર પ્રદેશ | 167557 | 22860 |
| પંજાબ | 89088 | 18017 |
| મહારાષ્ટ્ર | 87835 | 12535 |
| રાજસ્થાન | 79481 | 16054 |
| બિહાર | 75026 | 10030 |
| હરિયાણા | 65987 | 12678 |

(સ્રોત - રાજ્યસભા અને લોકસભા)

# વિકાસનું ઈન્ફોગ્રાફિક

## 2003થી 2023 સુધી 10 ગણું વધ્યું ગુજરાત

### વર્ષમાં વસતી 2 કરોડ વધી, પ્રવાસી સંખ્યા 7 કરોડ વધી, પ્રવાસનમાં 37% વધારો થયો

**સાક્ષરતા 9% વધી, 240 લાખ વાહન વધ્યાં, બૅન્કમાં એફડી 9 લાખ કરોડ વધી**

**20 વર્ષ બાદ ગુજરાત 2003 સામે 2023**

| 2003 | | 2023 |
|---|---|---|
| 5.06 કરોડ | વસ્તી 2023 Vs 2023 | 7.06 કરોડ |
| 2.63 કરોડ પુરુષ, 2.42 કરોડ મહિલા | | 3.36 કરોડ મહિલા, 3.70 કરોડ પુરુષ |
| 933/1000 | સેક્સ રેશિયો | 943/1000 |
| શહેરી 1.89 કરોડ \| 3.35 કરોડ | | ગ્રામીણ 3.17 કરોડ \| 3.65 કરોડ |
| 258 જિલ્લા 26 તાલુકા 226 | વસ્તી પ્રતિ ચો.મી. | 258 જિલ્લા 33 તાલુકા 251 |
| 69.1% | સાક્ષરતા | 78% |
| ₹93601 કરોડ | SGDP | ₹957583 કરોડ |
| રૂ. 18392 | માથાદીઠ આવક | રૂ. 250100 |
| 50 હજાર | વીજ ઉત્પાદન (મિલિયન યુનિટ) | 1.29 લાખ |
| 953 યુનિટ | વીજવપરાશ (પ્રતિ વ્યક્તિ) | 2283 યુનિટ |
| 13950 | ફેક્ટરીઝની સંખ્યા | 28479 |
| - | વિદેશી રોકાણ | ₹3.40 લાખ કરોડ |
| - | ઘરઆંગણે નળ | 100% |
| 855 મી.મી. | વાર્ષિક સરેરાશ વરસાદ | 1038 મી.મી. |
| - | વૉટર ગ્રીડથી પાણી પુરવઠો | 16000 ગામો |
| 14294 | વ્યાજબી ભાવની દુકાનો | 16957 |
| 327 | ગીરમાં સિંહોની સંખ્યા | 674 |
| 60 લાખ | પ્રવાસીઓની સંખ્યા | 7.50 કરોડ |
| 74018 કિમી | રસ્તા | 82000 કિમી |
| 8281 | દર લાખે ટૂ-વ્હીલર | 30272 |
| 21 હજાર | એરક્રાફ્ટ મૂવમેન્ટ | 60 હજાર |
| 45000 | શૈક્ષણિક સંસ્થાઓ | 60000 |
| 42 | ટૅક્નિકલ શિક્ષણ સંસ્થા | 284 |
| 2,71,036 | શિક્ષકો | 4,40,000 |
| 3661 | બૅન્કોની શાખાઓ | 9855 |
| 72 હજાર કરોડ | બૅન્કોમાં ડિપૉઝિટ | 10 લાખ કરોડ |
| 58 લાખ ટન | દૂધ ઉત્પાદન | 167 લાખ ટન |
| 60 | વાહનોની સંખ્યા (લાખમાં) | 298 |


# AIએ બનાવી અમદાવાદ રિવરફ્રન્ટની 20 વર્ષ પછીની તસવીર

## AIની નજરે 2041માં રિવરફ્રન્ટ

સાબરમતી રિવરફ્રન્ટ હવે દરેક અમદાવાદીના જીવનનો અભિન્ન ભાગ છે. રિવરફ્રન્ટના નિર્માણથી પૂર્વ અને પશ્ચિમ અમદાવાદ વચ્ચેની ટ્રાફિકની સમસ્યામાં રાહત મળી છે. એટલું જ નહીં, શહેરીજનો માટે આનંદપ્રમોદ, મોકળાશથી હરવા ફરવા માટેનું પણ ગમતું સ્થળ બની ગયું છે. જોકે રિવરફ્રન્ટનો વિકાસ તથા નવી નવી સુવિધાઓ સતત વિકસતી રહે છે. 2023નો સાબરમતી રિવરફ્રન્ટ 2041માં કેવો દેખાતો હશે એ જાણવા માટે અમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ)ની મદદ લીધી હતી. પરિણામ આપની નજર સામે છે. એઆઈની નજરે 2041નો રિવરફ્રન્ટ વિકસિત ભારતના સ્વપ્ન સાકાર થશે ત્યારે કેવું દેખાશે એનો અંદાજ પણ આપે છે.



**1961માં વિચાર રજૂ થયો**
**1997માં યોજના બની,**
**2005માં નિર્માણ શરૂ થયું**




ફ્રેન્ચ-અમેરિકન આર્કિટેક્ટ બર્નાર્ડ કૉહેને 1961માં સાબરમતી કાંઠે ઈકોલોજિકલ વેલીનો વિચાર રજૂ કર્યો હતો. 1964માં તેમણે આ અંગે વિસ્તૃત રિપોર્ટ રજૂ કર્યો હતો. 1997માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પો.ની સ્થાપના કરી હતી. 2005માં બાંધકામ શરૂ થયું હતું.

## પાવર ઑફ ગિવિંગ

## 80% ગુજરાતીઓએ વર્ષમાં કંઇક ને કંઇક દાન જરૂર કર્યું છે

# 20 વર્ષમાં 15 હજાર કરોડનું દાન

- **મંદિર, સામાજિક કાર્ય, શિક્ષણ માટે સુરતમાં, અમદાવાદમાં આરોગ્ય ક્ષેત્રે સૌથી વધુ દાન**
- **કોઈએ સમગ્ર મિલકત દાનમાં આપી તો પછી કોઈએ કમાણીનો 40% હિસ્સો દાન કર્યો**
- **CSRમાં પણ ગુજરાતની 3 હજાર કંપનીએ 5 વર્ષમાં 1.25 લાખ કરોડનો ખર્ચ કર્યો**

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

'ગુજરાતીઓ વિશે કહેવામાં આવે છે કે, જો તે 100 રૂપિયા કમાય છે તો 50 રૂપિયાનું રોકાણ કરે છે. 20 રૂપિયા પરિવાર પર ખર્ચ કરે છે. 20 રૂપિયા પોતાની સુવિધાઓ પર ખર્ચ કરે છે અને 10 રૂપિયા ધર્મ-સમાજના કાર્યોમાં દાન કરે છે.' કહેવત કોણે, કેવી રીતે બનાવી, એ હજુ નથી ખબર, પરંતુ અશોકા યુનિવર્સિટી અને કેન્ટાનો હાઉ ઈન્ડિયા ગિવ્સ રિપોર્ટથી આ ચોક્કસપણે સાબિત થાય છે કે, આ કહેવત સો ટકા સાચી છે.

રિપોર્ટ અનુસાર, 80 ટકા ગુજરાતીઓ એવા છે, જેમણે વર્ષમાં ક્યારેક ને ક્યારેક ચેરિટી કરી છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરાયો છે કે છેલ્લા 20 વર્ષમાં એટલે કે 2002 પછી ગુજરાતીઓએ લગભગ 15 હજાર કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ સિવાય પણ ઘણા એવા દાન છે જે ગુપ્ત દાનના રૂપમાં આપવામાં આવ્યા છે. તેમજ ધાર્મિક હેતુઓ માટે ધાર્મિક સંસ્થાઓને મહત્તમ 60% દાન આપવામાં આવ્યું હતું. બીજા નંબરે શિક્ષણ, ત્રીજા નંબરે આરોગ્ય અને ચોથા નંબરે ગરીબ કલ્યાણ દાન અપાયું હતું. આ દાનમાં કંપનીઓ દ્વારા અપાતા CSRનો સમાવેશ થતો નથી.

## તન-મન-ધનથી દાન કરવામાં પણ ગુજરાતીઓ દેશમાં સૌથી અગ્રેસર છે

### દર 5 વર્ષે ગુજરાતીઓ દ્વારા દાનની રકમમાં વધારો થતો ગયો

| વર્ષ | કુલ દાન | ધર્મ | શિક્ષણ | આરોગ્ય | અન્ય |
|---|---|---|---|---|---|
| 2002-05 | 1500 કરોડ | 58% | 22% | 10% | 10% |
| 2005-2010 | 2100 કરોડ | 55% | 23% | 12% | 10% |
| 2010 -2015 | 2700 કરોડ | 60% | 25% | 10% | 5% |
| 2015-2020 | 3500 કરોડ | 60% | 25% | 10% | 5% |
| 2020 -2023* | 5290 કરોડ | 58% | 22% | 10% | 10% |

### કુલ દાનમાં ક્યા શહેરનો કેટલો હિસ્સો? ટોચ પર સુરત

| શહેર | દાન |
|---|---|
| સુરત | 35% |
| અમદાવાદ | 25% |
| રાજકોટ | 18% |
| વડોદરા | 7% |
| અન્ય શહેર | 15% |

કુલ દાનમાં ક્યા શહેરનો કેટલો હિસ્સો?

### કેટલી કંપનીઓ કેટલું દાન કરે છે

- 37.35% કંપનીઓ 10 લાખથી ઓછું દાન કરે છે
- 43.67% કંપનીઓ 10 થી 50 લાખનું દાન કરે છે
- 8.19% કંપનીઓ 50 લાખથી 1 કરોડનું દાન કરે છે
- 8.10% કંપનીઓ 1 કરોડથી 5 કરોડનું દાન કરે છે
- 1.34% કંપનીઓ 5 કરોડથી 10 કરોડનું દાન કરે છે
- 1.35% કંપનીઓ 10 કરોડથી વધુનું દાન કરે છે

### ગુજરાતમાં CSRમાં 5 વર્ષ દરમિયાન કરવામાં આવેલો ખર્ચ

| વર્ષ | રકમ |
|---|---|
| 2018-19 | 896 કરોડ |
| 2019-20 | 650 કરોડ |
| 2020-21 | 975 કરોડ |
| 2021-22 | 1167 કરોડ |
| 2022-23 | 1500* કરોડ |

### તન — અંગદાનવાળાં ટૉપ-10 રાજ્યોમાં ગુજરાત સમાવિષ્ટ

***અંગદાનમાં ગુજરાત ટોપ-10 રાજ્યોમાં સમાવિષ્ટ છે. ગુજરાતમાં 2016થી 2021 વચ્ચે 952 મૃત અને 2,343 જીવિત લોકોએ અંગદાન કર્યું. સંસદમાં પુછાયેલા સવાલમાં જવાબમાં આ જાણકારી મળી.***

- નેશનલ ઓર્ગન એન્ડ ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઇઝેશન અનુસાર, ગુજરાતમાં 2013-2022 વચ્ચે 148 અંગદાન થયું હતું. રાજ્ય દેશમાં ચોથા ક્રમે છે. આ 148 લોકોનાં 399 અંગ દાન કરાયાં, આ પણ રેકોર્ડ છે. **પહેલી વાર આ મામલે ગુજરાત ટૉપ-5માં છે.**

### મન — સ્વૈચ્છાએ સેવા દાન કરવામાં ગુજરાતીઓ સૌથી આગળ

હાઉ ઈન્ડિયા ગિવ્સના રિપોર્ટ અનુસાર, 6 મહિનાની અંદર ગુજરાતના 1.65% લોકોએ કોઈ ને કોઈ પ્રકારની સ્વૈચ્છાએ સેવા કરી છે જ્યારે ઉત્તરી રાજ્યોમાં આ આંકડો 1%, પૂર્વમાં 0.95% અને દક્ષિણમાં 0.9% રહ્યો. લૉકડાઉનના સમયે ગુજરાતમાં 93% લોકોને અલગ અલગ NGOએ ભોજન ઉપલબ્ધ કરાવ્યું હતું. આ આંકડો કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. દેશમાં કેરળ અને તેલંગાણા જ ગુજરાતથી આગળ છે.

### ધન — દરેક ગુજરાતીએ 6 મહિનામાં સ્વજનોને સરેરાશ રૂ.1825 આપ્યા

- ગુજરાતમાં ધાર્મિક સ્થળોમાં રોકડ દાન કરનારા લોકોમાં અંદાજે 49% લોકો 0-300 રૂ, 37% લોકો 301-1000 રૂ., 11% લોકો 1,000 રૂપિયાથી વધુ દાન કરે છે. 6 મહિનામાં પ્રતિ વ્યક્તિ દાનની વાત કરીએ તો 698 રૂ. છે. ઉત્તર (પ્રતિ વ્યક્તિ સરેરાશ 541 રૂ.) અને પૂર્વ (પ્રતિ વ્યક્તિ સરેરાશ 434 રૂ.)ના રાજ્યો કરતાં શ્રેષ્ઠ છે.
- ઘરેલુ નોકરોને રોકડ સહાયતા આપનારામાં 22% ગુજરાતી 0-300 રૂ., 45% લોકો 301-1000 રૂ. અને 30% લોકો 1000 રૂ.થી વધુ આપે છે. જો 6 મહિનામાં દાન જોઈએ તો તે 1585 રૂ. થાય છે. ઉત્તરમાં આ સરેરાશ 924 રૂ., પૂર્વમાં 1486 રૂ. અને દક્ષિણમાં 1536 રૂ. છે.

## પાવર ઑફ હેલ્થ

## ગુજરાતની હૉસ્પિટલો પર દેશ અને દુનિયાનો ભરોસો વધુ મજબૂત થયો

# 15 વર્ષમાં 2700 જટીલ સર્જરી, 7 વર્ષથી નાનાં બાળકોની 70% સર્જરી, 55% સર્જરી સરકારી હૉસ્પિટલમાં થાય છે

**દેશમાં પહેલી વાર સરકારી હૉસ્પિટલમાં એક જ દિવસમાં 2 ગર્ભાશયનું ટ્રાન્સપ્લાન્ટ પણ ગુજરાતમાં થયું...**

- **ગુજરાતની સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં 2700થી વધુ જટીલ ઓપરેશન થયાં છે**

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

સપ્ટેમ્બર, 2022માં અમદાવાદની હૉસ્પિટલમાં 2 ગર્ભાશય ટ્રાન્સપ્લાન્ટ થયાં પરંતુ આ સામાન્ય ઘટના ન હતી. આ એક વર્લ્ડ રેકોર્ડ હતો. દુનિયામાં પહેલી વાર એક જ હૉસ્પિટલમાં 2 ગર્ભાશય ટ્રાન્સપ્લાન્ટ થયાં હતાં. કોઇ સરકારી હૉસ્પિટલમાં ગર્ભાશયનું ઓપરેશન થયું હોય, તેવી ભારતમાં પહેલી ઘટના છે.

આજે દુનિયામાં જે અસંભવ છે, તે ગુજરાતની હૉસ્પિટલમાં સંભવ જણાઈ રહ્યું છે. છેલ્લાં 15 વર્ષમાં ગુજરાતની વિવિધ સરકારી અને ખાનગી હૉસ્પિટલોમાં 2700થી વધુ જટીલમાં જટીલ ઓપરેશન થઈ ચૂક્યાં છે. એકલા અમદાવાદમાં જ 10 વર્ષમાં નવજાતથી માંડીને 90 વર્ષના વૃદ્ધ સુધીના દર્દીઓની 700 જેટલી જટીલ સર્જરી થઈ ચૂકી છે.

## ટૉપ 10 જટીલ સર્જરી...જેનાથી સમગ્ર દેશનો ભરોસો વધ્યો | ગુજરાતના ડોક્ટરોએ 32 કિમી દૂર બેસીને રોબોટ મારફતે હાર્ટની સર્જરી કરીને સૌને ચોંકાવ્યા છે

### પગનાં હાડકાંથી જડબાની સર્જરી

- ચાલુ વર્ષે મે મહિનામાં અમદાવાદમાં AMC ડેન્ટલ હૉસ્પિટલમાં 22 વર્ષની યુવતીના જડબાની દુર્લભ ગાંઠ દૂર કર્યા બાદ પગનું હાડકું લઈને જટિલ સર્જરી કરાઈ હતી. તેનો ખર્ચ માત્ર 8થી 10 હજાર રૂપિયા થયો.

### 12 વર્ષના બાળકના કરોડરજ્જુનું હાડકું સીધું કર્યું

- ઑગસ્ટ, 2022માં સિવિલ હૉસ્પિટલમાં 12 વર્ષના બાળકના કરોડરજ્જુનું હાડકું સીધું કર્યું. બાળકના કરોડરજ્જુનું હાડકું 95 ડિગ્રી સુધી વળેલું હતું, જેને કારણે તે ચાલી પણ શકતો ન હતો. ડૉ. જે. પી. મોદી, શૈલેષ શાહની ટીમે નામ માત્રના ખર્ચે આ સર્જરી કરી હતી.

### રોબોટની મદદથી 32 કિમી દૂરથી હાર્ટની સર્જરી

- અમદાવાદના હૃદયરોગ નિષ્ણાત ડૉ. તેજસ પટેલે 35 કિમી દૂરથી દર્દીનું ઓપરેશન કરીને વિક્રમ સર્જ્યો હતો. આ ઓપરેશનમાં એક મહિલા દર્દીના હૃદયમાં વાલ્વ લગાવવામાં આવ્યો હતો.



### બે ગુપ્તાંગ સાથે જન્મેલા બાળકનું સફળ ઑપરેશન

- જુલાઈ, 2019માં અમદાવાદ સિવિલમાં બે ગુપ્તાંગ સાથે જન્મેલા જામનગરના ખંભાળિયાના ત્રણ મહિનાના બાળકનું સફળ ઑપરેશન કરાયું હતું. આ દુનિયાનો 31મો દુર્લભ કિસ્સો હતો. આ ઓપરેશન પીડિયાટ્રિક સર્જન ડૉ. જયશ્રી રામજી, ડૉ. નીલેશ સોલંકી અને જાહ્નવી શાહે કર્યું હતું.

### ભાવનગરની વ્યક્તિના હૃદયનું જામનગરની વ્યક્તિમાં પ્રત્યારોપણ

- સિમ્સ હૉસ્પિટલના કાર્ડિયાક સર્જરી વિભાગના ડૉક્ટરોની ટીમે રાજ્યનું પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કર્યું હતું, જેમાં ભાવનગરના 37 વર્ષીય બ્રેઈનડેડ દર્દીના હૃદયનું જામનગરના 49 વર્ષીય દર્દીમાં સફળ ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. રાજ્યમાં મુસ્લિમ સમાજ દ્વારા અંગદાન કરાયાનો આ પ્રથમ કિસ્સો હતો.

### પશુના ટિશ્યૂમાંથી બનેલો વાલ્વ મનુષ્યના હૃદયમાં ફિટ કરાયો

- દેશમાં પ્રથમ વાર કોઈ પણ આર્ટિફિશિયલ સ્ટ્રક્ચર વિના પશુના ટિશ્યુમાંથી બનાવેલો મેલોડી વાલ્વ મુકવામાં આવ્યો હતો, જેમાં જન્મજાત હૃદયરોગથી પીડાતા 44 વર્ષીય દર્દીની 8 વર્ષની વયે ઓપન હાર્ટ સર્જરીની સાથે ખરાબ પલ્મોનરી વાલ્વ કાઢી નાખવામાં આવ્યો હતો. દર્દીના પલ્મોનરી વાલ્વની જગ્યાએ લીકેજ, હૃદય પહોળું થવાની સાથે ડાબા ફેફસાંની નળી સાંકડી થઈ ગઈ હતી એટલે આ સર્જરી કરાઈ હતી.

### રાજકોટની બ્રેન ડેડ વ્યક્તિનાં ફેફસાંનું સીરિયાની વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ

- હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન્ટ સર્જરી પ્રોગ્રામના વડા ડૉ. ધીરેન શાહ અને તેમની ટીમ દ્વારા રાજકોટના 47 વર્ષીય બ્રેઈનડેડ દર્દીના ફેફસાંનું હૉસ્પિટલમાં 'ઈન્ટરસ્ટિશિયલ લંગ ડિસીસ'ની સારવાર માટે દાખલ કરાયેલા સીરીયાના દર્દીમાં સફળ ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. દર્દીની હાલત એટલી ગંભીર હતી કે પલંગમાં પડખું પણ ફરી શકતો નહોતો.

## ગુજરાતમાં અંદાજે 50 હજાર મંદિર, દર એક લાખ લોકોએ 7 મંદિર, મોટાં મંદિરોની વાર્ષિક આવક 800થી 1 હજાર કરોડ

**પાવર ઓફ ધર્મ**

# દક્ષિણ પછી ધાર્મિક પર્યટનમાં સૌની પસંદ ગુજરાત, એક વર્ષમાં 4 મોટાં મંદિરમાં જ 4.50 કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા

### ▪ રાજ્યમાં ધાર્મિક પ્રવાસનના 7 હજારથી 10 હજાર કરોડ રૂપિયાના ટર્ન ઓવરનું અનુમાન છે

અમદાવાદ। ગુજરાતમાં અંદાજે 50 હજાર મંદિર છે. દર એક લાખ લોકોએ 7 મંદિર છે. દેશમાં મંદિરોના વિષયમાં ગુજરાત પાંચમા ક્રમે છે. સૌથી વધારે મંદિર તમિલનાડુમાં છે. બીજા ક્રમે મહારાષ્ટ્ર છે. મુંબઇ આઇઆઇટીના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા દેશનાં મંદિરોની વિગતો રજૂ કરતી વેબસાઇટ ટેમ્પલ્સ ઓફ ઈન્ડિયામાંથી આ માહિતી જાણવા મળી છે. ગુજરાતમાં સૌથી વધુ પ્રવાસીઓ ધરાવતાં ટોપ-10 સ્થળોમાં ચાર ધાર્મિક સ્થળો છે. એક અંદાજ મુજબ દેશની GDPમાં ધાર્મિક યાત્રાઓનો હિસ્સો 2 ટકાથી વધારે છે. મંદિરોની ઈકોનોમી રૂ. 3 લાખ કરોડથી પણ વધારે છે. રાજ્યમાં ધાર્મિક પ્રવાસનનું ટર્ન ઓવર અંદાજે 7થી 10 હજાર કરોડ હોવાનું અનુમાન છે. એક અંદાજ પ્રમાણે, ગુજરાતમાં જાણીતાં મંદિરોની કુલ વાર્ષિક આવકનો આંકડો રૂ. 800થી 1000 કરોડથી પણ વધારે છે. જોકે, આ બાબતે કોઈ સત્તાવાર વિગતો નથી.

**॥ ૐ નમઃ શિવાય ॥**




**રાજ્યનાં આ ચાર મંદિરમાં ભક્તોની સૌથી વધુ સંખ્યા નોંધાઇ**

- **1.30** કરોડ ભક્તોએ અંબાજીનાં દર્શન કર્યાં
- **1.18** કરોડ ભક્તો પાવાગઢમાં દર્શને આવ્યા
- **1.05** કરોડ ભક્તોએ સોમનાથ મહાદેવનાં દર્શન કર્યાં
- **78** લાખ લોકો દ્વારકાધીશનાં દર્શન કરી ધન્ય થયા

(આતિથ્યમ ડેશબોર્ડના આધારે વર્ષ 2022-23ના આંકડા)

ગુજરાત અને સંઘપ્રદેશની બોર્ડર પર આવેલા કુડાચા ગામના નિખિલનગરમાં ૐ આકારના ભવ્ય મંદિરને આખરી ઓપ અપાઈ રહ્યો છે. શ્રી નિખિલ ત્રિમૂર્તિ પ્રણવ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે 35 હજાર સ્કેવર ફૂટમાં કરોડોના ખર્ચે ઓમ નિખિલેશ્વર મહાદેવ મંદિરને આકાર અપાયો છે. 400 સ્તંભ પર બનેલા ઓમ આકારના શિવમંદિરનું અદ્ભુત દૃશ્ય જોવા મળી રહ્યું છે. ડિસેમ્બર, 2023માં ભાવિક ભક્તો માટે મંદિર ખુલ્લું મૂકવામાં આવશે. મહાદેવજીનું મંદિર તળાવ, નદી કે સમુદ્ર કિનારે હોય તો સર્વોત્તમ ગણાતું હોવાની વાયકા સાથે આ મંદિર દમણગંગા નદીના કિનારે બનાવવાનું નક્કી કરાયું હતું, જે અંતર્ગત મંદિરમાં કુલ 144 દેવી-દેવતાની મૂર્તિ બનાવવામાં આવી છે, જેમાં 51 શક્તિપીઠની દેવીઓ, નવગ્રહ, 12 જ્યોતિર્લિંગ પણ છે. સમગ્ર મંદિર વાસ્તુશાસ્ત્ર પ્રમાણે બનાવવામાં આવ્યું છે.




### પાટણ, દેવપાટણ, પ્રભાસપાટણ નામે પ્રસિદ્ધ સોમનાથની 'પ્રભુતા'

ભારતનાં બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ ક્રમે આવતું જ્યોતિર્લિંગ સોમનાથ 'પાટણ', 'દેવપાટણ', 'પ્રભાસપાટણ' અને 'સોમનાથ પાટણ' તરીકે પણ ઓળખાય છે. કરોડો યાત્રાળુઓ દર્શન માટે આવે છે. સરદાર વલ્લભભાઈ પટેલ, ક. મા. મુનશી તથા જામનગરના જામસાહેબની પ્રેરણાથી નવા મંદિરનું નિર્માણ કર્યું. આ મંદિરનું શિખર 175 ફૂટ ઊંચું છે.




### ગિરનારઃ જ્યાં એક-બે નહીં 866 મંદિર છે

ગિરનાર પર પાંચ શિખર આવેલાં છે, જેમાં ગુરુ ગોરખનાથ શિખર 3600 ફૂટ, અંબાજી 3300 ફૂટ, ગૌમુખી શિખર 3120, જૈન મંદિર શિખર 3300 અને માળીપરબ 1800 ફૂટની ઊંચાઈએ છે. 5 પર્વત પર કુલ 866 મંદિર છે.






### દર વર્ષે 50 લાખ લોકો કષ્ટભંજન દેવનાં દર્શન કરે છે

શ્રી ગોપાળાનંદ સ્વામીએ સાળંગપુર ગામમાં વેદોક્તવિધિથી શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજની આ મૂર્તિની સ્થાપના કરી હતી. સાળંગપુર ભાવનગરથી 82 કિ.મી. દૂર આવેલું છે. કાર કે બસ દ્વારા સરળતાથી પહોંચી શકાય છે. ખાસ કરીને શનિવારે આ મંદિરે દર્શનાર્થીઓની ખૂબ જ ભીડ હોય છે. હનુમાનજીની વિશાળ મૂર્તિ આકર્ષણનું કેન્દ્ર છે. દર વર્ષે અંદાજે 50 લાખ લોકો કષ્ટભંજન દેવ હનુમાનજીનાં દર્શન કરે છે.

### દેશમાં કયા રાજ્યમાં કેટલાં મંદિર

| રાજ્ય | કુલ મંદિર |
|---|---|
| તમિલનાડુ | 79154 |
| મહારાષ્ટ્ર | 77283 |
| કર્ણાટક | 61232 |
| પ. બંગાળ | 53658 |
| ગુજરાત | 49995 |
| આંધ્રપ્રદેશ | 47152 |
| રાજસ્થાન | 39392 |

### ગુજરાતમાં કયા જિલ્લામાં કેટલાં મંદિર

| જિલ્લો | કુલ મંદિર |
|---|---|
| અમદાવાદ | 5308 |
| રાજકોટ | 3928 |
| ભાવનગર | 3486 |
| કચ્છ | 3267 |
| મહેસાણા | 3089 |
| બનાસકાંઠા | 2726 |
| સુરત | 2489 |
| વડોદરા | 2126 |
| જૂનાગઢ | 2050 |
| આણંદ | 1972 |

▪ ગુજરાતી પ્રજા શ્રદ્ધાળુ છે અને ધર્મનું કામ કરવાની વાત હોય ત્યારે હંમેશા આગળ ઊભી રહી છે. બીજી તરફ અંધશ્રદ્ધાથી દૂર રહીને ધાર્મિક મૂલ્યોને પાલન કરવામાં પણ અડગ છે.

### સામાજિક કે શૈક્ષણિક યાત્રા કરતા ધાર્મિક યાત્રા પર ખર્ચ વધુ

**2700**થી વધુ દેશમાં પ્રતિ દિવસ પ્રતિ વ્યક્તિ ધાર્મિક યાત્રા પર ખર્ચ કરે છે. આ ખર્ચ શૈક્ષણિક કરતાં વધુ

**5**મો મંદિરોની સંખ્યામાં ગુજરાતનો ક્રમ. સૌથી વધારે મંદિરો તમિળનાડુમાં છે. બીજા ક્રમે મહારાષ્ટ્ર છે.

**600** કરોડથી વધુ ખર્ચ છેલ્લાં 5 વર્ષમાં રાજ્યના યાત્રાધામોના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા કરાયો.




### આશરે 1200 વર્ષ જૂનું દ્વારકાધીશનું મંદિર

એક અંદાજ પ્રમાણે ગોમતી કાંઠે આવેલું મંદિર 1200 વર્ષ જૂનું છે. શ્રી કૃષ્ણના પ્રપોત્ર વજનાભે ઈ.સ. પૂર્વે 1400ની આસપાસ અગાઉ સમુદ્રમાં ડૂબી ગયેલા મંદિરની બચી ગયેલી છત્રી સ્થાપી હતી. વિશાળ ધ્વજ 52 ગજના કાપડથી બનેલો છે અને 10 કિલોમીટર દૂરથી જોઈ શકાય છે. આ મંદિર નરમ ચૂનાના પથ્થરોમાંથી બનેલું છે.




### પાલિતાણાઃ જ્યાં 7 હજારથી વધુ જિન પ્રતિમા છે

માત્ર ગુજરાતનું જ નહીં, દેશના જૈનોનું પ્રસિદ્ધ તીર્થધામ છે. મંદિરોની મહાનગરીસમું શેત્રુંજયતીર્થ આગમમાન્ય શાશ્વત સિદ્ધક્ષેત્ર ગણાય છે. શ્વેતવર્ણીય પદ્માસનસ્થ શ્રી આદિશ્વર ભગવાન એના મૂળ નાયક છે. ગિરિરાજ શેત્રુંજયની ઊંચાઈ આશરે 505 મીટર જેટલી છે. એના પરનો ગઢ-વિસ્તાર 20 એકરમાં પથરાયેલો છે. ગિરિરાજ પરની 9 ટૂકમાં 108 દેરાસર અને 872 નાની દેરી છે, લગભગ 7,000 જેટલી જિન પ્રતિમા છે.




### સૌથી વિશાળ હિંદુ મંદિર, 210 સ્તંભ, ભગવાનની 9.2 ટન વજનની મૂર્તિ

ગાંધીનગર સ્થિત અક્ષરધામ ગુજરાતનાં હિન્દુ મંદિરોમાં સૌથી વિશાળ છે. 23 એકર જમીનમાં ફેલાયેલું સંકુલ ગુલાબી પથ્થરોમાંથી બનાવેલું છે. 108 ફૂટની ઊંચાઈ અને 6000 ટન પથ્થરો વપરાયા હતા. અહીં એક જ શિલામાંથી બનાવેલા અંદાજે 210 સ્તંભ છે. ગર્ભગૃહમાં ભગવાનશ્રી સ્વામિનારાયણની અંદાજે 9.2 ટનની મૂર્તિ પર સોનાનો ઢોળ ચઢાવેલો છે.






### દર વર્ષે આશરે 1.18 કરોડથી વધુ લોકો માતાજીનાં દર્શન માટે ઊમટે છે

યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સિટી જાહેર કરાયેલા ચાંપાનેરમાં આવેલા પાવાગઢ પર 2500 ફૂટની ઊંચાઈએ માતાજીનું શક્તિપીઠ આવેલું છે. દર વર્ષે આશરે 1.18 કરોડથી વધારે લોકો માતાજીનાં દર્શન માટે આવે છે. માંચીથી માતાજીના ધામ સુધી જવા માટે રોપ-વેની વ્યવસ્થા છે. પાવાગઢ નજીક મહર્ષિ વિશ્વામિત્રની તપોભૂમિ ધાબા ડુંગરી આવેલું છે.

